RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 365 Dt. 10-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે ન્યુક્લિયર એનર્જી કરાર

## ડીલથી બદલાઈ જશે દુનિયાનો ન્યુક્લિયર ગેમ પ્લાન! ડ્રેગનની દાદાગીરીને ટક્કર

નવીદિલ્હી,તા.૯

વડાપ્રધાન મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અલ્બેનિઝે ઇન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયા પહોંચી મહત્વપૂર્ણ કરારો કર્યા.

ભારતના ડખ નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના PM એન્થોની અલ્બેનિઝ વચ્ચેની બેઠકમાં ભારતને ઓસ્ટ્રેલિયાથી વ્યાવસાયિક ધોરણે યુરેનિયમ સપ્લાય કરવાનો સિવિલ ન્યુક્લિયર એનર્જી કરાર થયો. આ ડીલથી ભારતના ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ્સને ગતિ મળશે અને સ્વચ્છ ઊર્જાના લક્ષ્યો પૂર્ણ થશે. સંરક્ષણ, સુરક્ષા અને ક્રિટિકલ મિનરલ્સમાં પણ સહયોગ વધશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિઝ વચ્ચે યોજાયેલી બેઠકે બંને દેશોના સંબંધોને નવી ઊંચાઈ આપી છે. ઇન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયા પહોંચેલા PM મોદીની આ મુલાકાત વેપાર, સંરક્ષણ અને ઉર્જા સહયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી હતી. બંને નેતાઓએ અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા, જેમાં સૌથી વધુ ચર્ચાસ્પદ સિવિલ ન્યુક્લિયર એનર્જી કરાર છે.

આ ડીલ માત્ર બે દેશો વચ્ચેની નથી, પરંતુ વૈશ્વિક સ્તરે ન્યુક્લિયર ગેમ પ્લાનને બદલનારી સાબિત થઈ શકે છે. ઓસ્ટ્રેલિયા વિશ્વનો સૌથી મોટો યુરેનિયમ ઉત્પાદક દેશ છે. હવે ભારતને ત્યાંથી વ્યાવસાયિક ધોરણે યુરેનિયમ મળી શકશે, જે ભારતના ન્યુક્લિયર પાવર પ્રોજેક્ટ્સને નવી ગતિ આપશે. મોદીએ જણાવ્યું હતું કે આ કરાર ક્લીન એનર્જીના લક્ષ્યોને નવી દિશા આપશે. વિશ્લેષકોનું કહેવું છે કે આ કરાર વૈશ્વિક ન્યુક્લિયર સપ્લાય ચેનને બદલી શકે છે. ચીન અને રશિયા જેવા દેશો પરની નિર્ભરતા ઓછી થશે. ભારત હવે ઓસ્ટ્રેલિયા જેવા વિશ્વસનીય લોકતાંત્રિક ભાગીદાર પાસેથી સામગ્રી મેળવી શકશે. જેનાથી ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વ્યૂહાત્મક સંતુલન પણ પ્રભાવિત થશે.

સિવિલ ન્યુક્લિયર સમજૂતી અંતર્ગત ઓસ્ટ્રેલિયા ભારતને યુરેનિયમ સપ્લાય કરશે. ભારત પોતાની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે લાંબા સમયથી ન્યુક્લિયર પાવર પર ભાર મૂકી રહ્યું છે. કોલસા અને અન્ય પરંપરાગત સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવા માટે ન્યુક્લિયર એનર્જી એક સ્વચ્છ અને સ્થિર વિકલ્પ છે. આ ડીલ NSG (Nuclear Suppliers Group)ની સદસ્યતા ન હોવા છતાં ભારત માટે મોટી ઉપલબ્ધિ છે. ઓસ્ટ્રેલિયા પહેલાથી જ ભારત સાથે ન્યુક્લિયર સહયોગ પર ચર્ચા કરી રહ્યું હતું, પરંતુ હવે તેને વ્યાવસાયિક સ્તરે લાગુ કરવામાં આવશે. જેનાથી ભારતના ન્યુક્લિયર પ્લાન્ટ્સને બળતણ મળશે, વીજળીનું ઉત્પાદન વધશે અને કાર્બન ઉત્સર્જન ઘટશે.



મોદી-અલ્બેનિઝ બેઠકમાં માત્ર ન્યુક્લિયર જ નહીં, સંરક્ષણ અને સુરક્ષા પર પણ મોટો ભાર રહ્યો હતો. બંને દેશોએ 'ઇન્ડિયા-ઓસ્ટ્રેલિયા જોઇન્ટ ડિક્લેરેશન ઓન ડિફેન્સ એન્ડ સિક્યોરિટી' જાહેર કર્યું.

જેમાં ડિફેન્સ ઇનોવેશન કોરિડોર બનાવવાનો નિર્ણય લેવાયો, જેથી બંને દેશોના સ્ટાર્ટઅપ્સ અને ઇન્ડસ્ટ્રીઝ જોડાઈ શકે. દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં 'મેરિટાઇમ સિક્યોરિટી કોલેબોરેશન રોડમેપ' લાવવામાં આવ્યો. ઇન્ડો-પેસિફિકમાં ફ્રીડમ ઓફ નેવિગેશન, શિપબિલ્ડિંગ, શિપ રિપેર અને જાળવણી પર સહયોગ વધશે. બંને દેશો ક્વાડ (ભારત, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, જાપાન)ના માધ્યમથી પણ મળીને કામ કરશે. આ સહયોગ ખાસ કરીને ચીનની વધતી પ્રવૃત્તિઓ વચ્ચે મહત્વપૂર્ણ છે. ઇન્ડો-પેસિફિકમાં નિયમો આધારિત વ્યવસ્થાને મજબૂત કરવાનો સંકલ્પ બંને દેશોએ દોહરાવ્યો.

બંને દેશે ક્રિટિકલ મિનરલ્સ પર પણ ભાગીદારી શરૂ કરી. આધુનિક ટેકનોલોજી, બેટરી, રિન્યુએબલ એનર્જી અને સંરક્ષણ માટે આ ખનિજો જરૂરી છે. ભારત અને ઓસ્ટ્રેલિયા મળીને ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર વિકસાવશે. આ સાથે જ સાયબર, ક્રિટિકલ ટેકનોલોજી અને સપ્લાય ચેન પર 'ઓસ્ટ્રેલિયા-ઇન્ડિયા પાર્ટનરશિપ' (PACTS) લોન્ચ થઈ. આનાથી સપ્લાય ચેન મજબૂત થશે અને બંને દેશોની વ્યૂહાત્મક સુરક્ષા વધશે.

મોદીએ કહ્યું કે આતંકવાદ સમગ્ર માનવતા માટે ખતરો છે. બંને દેશો મળીને આતંકવાદ સામે લડશે. ઓનલાઈન રેડિકલાઈઝેશન, ફાઇનાન્સિંગ ઓફ ટેરરિઝમ અને ક્રાઉડેડ સ્પેસીસ પર સહયોગ વધશે. વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલા સંઘર્ષોને સંવાદ (ડાયલોગ) અને મુત્સદ્દીગીરી (ડિપ્લોમેસી) થી ઉકેલવા પર ભાર મૂકવામાં આવ્યો. ઇન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને રૂલ્સ-બેઝ્ડ ઓર્ડર જાળવી રાખવાનો સંકલ્પ બંને દેશોએ લીધો. બંને દેશો કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક કોઓપરેશન એગ્રીમેન્ટ (CECA) પર ઝડપથી કામ કરશે. બાયલેટરલ ઇન્વેસ્ટમેન્ટ ટ્રીટી પણ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આનાથી વેપાર વધશે અને રોકાણ આવશે.

આ ડીલ વૈશ્વિક ન્યુક્લિયર ગેમ પ્લાનને બદલી શકે છે. ભારત જેવા મોટા દેશને ઓસ્ટ્રેલિયાથી યુરેનિયમ મળવાથી રશિયા અને અન્ય સ્ત્રોતો પરની નિર્ભરતા ઓછી થશે. ક્લીન એનર્જી ટ્રાન્ઝિશન ઝડપી બનશે. વ્યૂહાત્મક રીતે આ ક્વાડને મજબૂત કરશે. ઇન્ડો-પેસિફિકમાં ચીનના પડકારનો સામનો કરવા માટે ભારત-ઓસ્ટ્રેલિયાની ભાગીદારી મહત્વપૂર્ણ રહેશે. ક્રિટિકલ મિનરલ્સ અને ટેકનોલોજીમાં સહયોગ સપ્લાય ચેનને મજબૂત બનાવશે.

NSG (Nuclear Suppliers Group)નો મુદ્દો, સ્થાનિક રાજકારણ અને ભૌગોલિક-રાજકીય તણાવ. પરંતુ એકંદરે આ ડીલ બંને દેશો માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. મોદી-અલ્બેનિઝની બેઠકે ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધોને નવી દિશા આપી છે.

ન્યુક્લિયર, ડિફેન્સ, ક્રિટિકલ મિનરલ્સ અને દરિયાઈ સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહયોગથી બંને દેશો મજબૂત થશે. આ ડીલ માત્ર દ્વિપક્ષીય નથી, પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે સંતુલન બનાવનારી છે.

# H-1B, ગ્રીન કાર્ડના નિયમો ઓગસ્ટથી આકરા

નવી દિલ્હી, તા.૯

ટ્રમ્પ વહીવટીતંત્ર એવા નિયમો તૈયાર કરી રહ્યું છે જે H-1B, વિદ્યાર્થી વિઝા અને ગ્રીન કાર્ડ પ્રક્રિયાઓને વધુ કડક બનાવી શકે છે. જો તેને મંજૂરી મળે છે, તો ઓગસ્ટથી થતાં ફેરફારો ખર્ચમાં વધારો કરી શકે છે, ચકાસણીમાં વધારો કરી શકે છે અને અનિશ્ચિતતા વધી શકે છે. ઇં-૧ઇ રૂટનો ઉપયોગ ભારતીય વ્યાવસાયિકો દ્વારા કરવામાં આવે છે.

ટ્રમ્પ વહીવટીતંત્ર ઇમિગ્રેશન નિયમોનો એક નવો સેટ તૈયાર કરી રહ્યું છે જે વિદેશી વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓ માટે યુએસ ઇમિગ્રેશન સિસ્ટમમાં નેવિગેટ કરવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે. પ્રસ્તાવિત ફેરફારો ભારતીયો દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સમાં અભ્યાસ અને કામ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતો લોકપ્રિય માર્ગ છે. તેથી, ભારતીયો, જે અમેરિકામાં સૌથી મોટા ઇમિગ્રન્ટ જૂથો પૈકી એક છે, તેમને H-1B પ્રોગ્રામ, L-1 વિઝા અને વિદ્યાર્થી વિઝામાં પ્રસ્તાવિત ફેરફારો હેઠળ ખાસ કરીને વધુ અવરોધોનો સામનો કરવો પડી શકે છે.

આ દરખાસ્તો યુએસ ડિપાર્ટમેન્ટ્સ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS), લેબર (DOL)



ભારતીયોને વધુ અવરોધોનો સામનો કરવો પડશે

અને સ્ટેટ (DOS) દ્વારા બહાર પાડવામાં આવેલા નવીનતમ યુનિફાઇડ રેગ્યુલેટરી એજન્ડાનો ભાગ છે. જો કે કોઈ પણ પગલાં હજુ સુધી અમલમાં આવ્યા નથી, પણ તે વહીવટીતંત્રની યોજનાઓનો સ્પષ્ટ સંકેત છે. જો તે અમલમાં મૂકવામાં આવે તો, ફેરફારોનો અર્થ કડક પાત્રતા નિયમો, વધુ કાગળકામ, નોકરીદાતાઓની તપાસ અને વિદેશી કામદારોને નોકરી પર રાખતી કંપનીઓ માટે વધુ ખર્ચ થઈ શકે છે.

ભારત સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં સામેલ છે કારણ કે યુએસમાં H-1B વિઝા ધારકો, રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ અરજદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો મોટો હિસ્સો ભારતીયોનો છે. સૌથી મોટા પ્રસ્તાવિત ફેરફારો પૈકી એક H-1B વિઝા પ્રોગ્રામને લગતો છે, જે યુએસ કંપનીઓને વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. દર વર્ષે, વાર્ષિક મર્યાદા હેઠળ ૮૫,૦૦૦ નવા H-1B વિઝા ઉપલબ્ધ થાય છે.

DHS ઓગસ્ટમાં એક પ્રસ્તાવિત નિયમ પ્રકાશિત કરે તેવી અપેક્ષા છે જે કાર્યક્રમના ઘણા ભાગોને કડક બનાવશે. આ દરખાસ્ત H-1B મર્યાદામાંથી મુક્તિઓને ઘટાડી શકે છે, જે હાલમાં યુનિવર્સિટીઓ અને ચોક્કસ સંશોધન સંસ્થાઓ માટે ઉપલબ્ધ છે. તે H-1B કામદારોને તૃતીય-પક્ષ ક્લાયન્ટ સાઇટ્સ પર મૂકતા નોકરીદાતાઓ માટે કડક આવશ્યકતાઓ પણ રજૂ કરશે અને અગાઉ કાર્યક્રમના નિયમોનું ઉલ્લંઘન કરનારા નોકરીદાતાઓની તપાસમાં વધારો કરશે. ભારતીય IT અને કન્સલ્ટિંગ કંપનીઓ દ્વારા તૃતીય-પક્ષ પ્લેસમેન્ટ મોડેલનો ઉપયોગ થાય છે. પ્રસ્તાવિત ફેરફારો હેઠળ, નોકરીદાતાઓએ મજબૂત પુરાવા પ્રદાન કરવા પડશે કે તેઓ કાર્યકર સાથે એમ્પ્લોયર-કર્મચારી સંબંધ ધરાવે છે. તેમને એ પણ બતાવવાની જરૂર પડી શકે છે કે કર્મચારી ક્લાયન્ટ સ્થાન પર વિશિષ્ટ કાર્ય કરશે અને તેમની અરજીઓને સમર્થન આપવા માટે વધારાના દસ્તાવેજો સબમિટ કરવા પડશે.

DHS ચોક્કસ મોટા નોકરીદાતાઓને લાગુ પડતી હાલની પૂરક ફીમાં વધારો કરવાની પણ યોજના ધરાવે છે. આ ફી હાલમાં પ્રારંભિક H-1B અરજીઓ અને નોકરીદાતાના ફેરફારોને આવરી લે છે. પ્રસ્તાવિત નિયમ હેઠળ, તે વિઝા એક્સ્ટેંશન અરજીઓ પર પણ લાગુ થશે. આ ફેરફાર યુએસમાં ૫૦ થી વધુ કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓને અસર કરશે જો તેમના અડધાથી વધુ કર્મચારીઓ H-1B અથવા L-1 વિઝા પર હોય, તો આઉટસોર્સિંગ-કેન્દ્રિત કંપનીઓ માટે ખર્ચમાં વધારો થશે.

શ્રમ વિભાગ એવા ફેરફારોની પણ યોજના બનાવી રહ્યું છે જે H-1B વિઝા અને રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ માટે વિદેશી કામદારોને સ્પોન્સર કરવાના ખર્ચમાં વધારો કરી શકે છે. તે H-1B અને PERM શ્રમ પ્રમાણપત્ર કેસ માટે ઉપયોગમાં લેવાતા પ્રવર્તમાન વેતન સ્તરોમાં વધારો કરવાનો ઇરાદો ધરાવે છે. આ દરખાસ્ત હેઠળ, પ્રવેશ-સ્તરનું વેતન ૧૭મા પર્સેન્ટાઇલથી વધીને ૩૪ પર્સેન્ટાઇલ થશે, અને ઉચ્ચ વેતન સ્તર પણ વધારવામાં આવશે. આનાથી નોકરીદાતાઓએ વિદેશી કામદારોને સ્પોન્સર કરવા માટે લઘુત્તમ પગારમાં વધારો થશે.

# ૫૭ ટકા નિકાસ ટેરિફ ફ્રી

નવીદિલ્હી,તા.૯

અમેરિકા-ઈરાન વચ્ચે વધી રહેલો વિવાદ અને પશ્ચિમ-એશિયામાં ચાલી રહેલી સૈન્ય કાર્યવાહી વચ્ચે ભારત માટે ન્યૂઝીલેન્ડ તરફથી મોટા આર્થિક સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે અને હાલ તેઓ ઓસ્ટ્રેલિયામાં છે. અહીં તેઓ ન્યૂઝીલેન્ડ જવાના છે, જોકે તે પહેલા ન્યૂઝીલેન્ડે ભારત સાથેના વેપાર અંગે મોટી જાહેરાત કરી છે.

ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને ભારત સાથેના પ્રસ્તાવિત વેપાર સમજૂતી અંગે કહ્યું છે કે, ભારત સાથેના કરારનો અમલ થતાં જ ન્યૂઝીલેન્ડથી ભારતમાં ૫૭ ટકા સામાન કોઈપણ ટેરિફ વગર મોકલવામાં આવશે. લક્સનના આ નિર્ણયથી બંને દેશોના વેપાર સંબંધો વધુ ઊંચાઈએ પહોંચી ગયા છે.

ન્યૂઝીલેન્ડના વડાપ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'ભારત સાથે 'મુક્ત વેપાર કરાર'થી ન્યૂઝીલેન્ડના કારોબારમાં અનેક તકો ઊભી થશે. ન્યૂઝીલેન્ડથી ભારતમાં નિકાસ થનાર ૫૭ ટકા પ્રોડક્ટ પર કોઈપણ પ્રકારનો ટેરિફ નહીં લાગે. આ નિર્ણયથી બંને દેશોના વેપારને નવો વેગ મળશે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૦થી ૧૧ જુલાઈએ ન્યૂઝીલેન્ડના પ્રવાસે જવાના છે. લગભગ ચાર દાયકા



ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક ડીલ

બાદ ભારતના કોઈપણ વડાપ્રધાનનો ન્યૂઝીલેન્ડનો આ પ્રથમ પ્રવાસ હશે. વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને આમંત્રણ બાદ આ પ્રવાસનું આયોજન કરાયું છે. વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન લક્સન વચ્ચે મહત્ત્વની બેઠક યોજાશે, જેમાં બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ, સંરક્ષણ, ટેક્નોલોજી અને અન્ય મહત્ત્વના મુદ્દાઓમાં ભાગીદારી વધારવા પર ચર્ચા થશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોની સંપૂર્ણ સમીક્ષા કરશે અને અનેક સમજૂતીઓને આગળ વધારવાની પણ વાતચીત કરશે.

# ગેરકાયદે બાંધકામો પર સુપ્રીમ લાલઘૂમ

નવી દિલ્હી, તા.૯

દેશની રાજધાની દિલ્હી-ગઈછ સહિત દેશના અન્ય ભાગોમાં બેફામ રીતે ચાલી રહેલા ગેરકાયદે બાંધકામો અને સુરક્ષા નિયમોના સરેઆમ ઉલ્લંઘન મામલે સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સર્વોચ્ચ અદાલતે ભ્રષ્ટ સત્તાવાળાઓ અને નિષ્ક્રિય તંત્ર સામે લાલ આંખ કરતા આકરી ઝાટકણી કાઢી છે. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ શીલ નાગુની ખંડપીઠે આ મામલે સુનાવણી કરતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, તંત્ર દ્વારા કાયદાનું પાલન કરાવવાના નામે માત્ર 'દેખાડો કરવા માટેની કામગીરી' (face-saving exercises) જ થઈ રહી છે. ગેરકાયદે બાંધકામો રોકવામાં સદંતર નિષ્ફળ રહેલા જવાબદાર અધિકારીઓ સામે ક્યારેય કોઈ નકર પગલાં લેવાતા નથી, જે દેશ માટે ખૂબ જ ગંભીર અને ચિંતાજનક બાબત છે.

સુપ્રીમ કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઑફ દિલ્હી (MCD) અને અન્ય સંબંધિત સત્તાવાળાઓનો ઉધડો લેતા વેધક સવાલ કર્યો હતો કે, 'જ્યારે પણ કોઈ ગેરકાયદે બાંધકામ પકડાય છે, ત્યારે માત્ર બિલ્ડરો સામે જ કેમ કાર્યવાહી કરવામાં આવે છે? જે વિસ્તારોમાં આવા મોટા પાયે નિયમોના ધજાગરા ઉડ્યા હોય, ત્યાં આંખ આડા કાન કરનારા પ્રભારી અધિકારીઓ સામે કેમ કોઈ શિક્ષાત્મક પગલાં લેવામાં આવતા નથી?' કોર્ટે ગંભીર નોંધ લીધી હતી કે હાઈકોર્ટનો સ્પષ્ટ સ્ટે (રોક) હોવા છતાં, MCDના ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગતથી શહેરમાં બેફામ અને ગેરકાયદે બાંધકામો બેરોકટોક ચાલુ રહ્યા છે.

અમે એવો આદેશ કરીશું જે



કાયદો માત્ર દેખાડો કરવા છે? હવે સીધા અધિકારીઓ જ જેલમાં જશે!

અનેકોને ભીંસમાં મૂકશેઃ સુપ્રીમ કોર્ટની ચીમકી અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૦ મેના રોજ આપેલા એક મહત્વપૂર્ણ આદેશમાં દિલ્હીના લાજપત નગર અને સરોજિની નગર જેવા ગીચ વિસ્તારોમાં ક્ષમતા કરતાં વધુ ભાર ધરાવતી અને અત્યંત અસુરક્ષિત જર્જરિત ઇમારતો અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી હતી. આ મામલે સત્તાધીશોની ઉદાસીનતાથી નારાજ કોર્ટે કડક શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યું છે કે, 'અમે હવે એવો આદેશ પસાર કરીશું જે ભલભલા લોકોને ભીંસમાં મૂકી દેશે. ગેરકાયદે બાંધકામો માટે અમે હવે સીધા જ સંબંધિત અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી નક્કી કરીશું અને બધું લેખિતમાં સ્પષ્ટ કરીશું, જેથી ભવિષ્યમાં આવા અધિકારીઓ સીધા જેલના સળિયા પાછળ ધકેલાય.'

નિયમો નેવે મુકાતા સર્જાયેલા ગોઝારા અકસ્માતોનો કોર્ટે લીધો ઉલ્લેખ તાજેતરમાં દેશમાં બનેલી મોટી અને જીવલેણ હોનારતોનો ઉલ્લેખ કરતાં સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે નોંધ્યું કે અગાઉની અનેક સૂચનાઓ છતાં તંત્રએ જમીની સ્તરે કોઈ જ અસરકારક પગલાં લીધા નથી. દિલ્હીના સાકેતમાં બિલ્ડિંગ ધરાશાયી થવાની ઘટના, માલવીયા નગરમાં લાગેલી આગ અને લખનૌના અલીગંજમાં કોચિંગ સેન્ટરમાં લાગેલી ભીષણ આગ જેવી ઘટનાઓ અખબારી અહેવાલોમાં સ્પષ્ટપણે નોંધાયેલી છે.

સાકેતમાં ગેરકાયદેસર રીતે વધારાના માળ બનાવવાની લાલચમાં ઇમારત તૂટી પડતાં સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં ૬ નિર્દોષ લોકોના કમકમાટીભર્યા મોત થયા હતા. જ્યારે લખનૌના અલીગંજમાં એક ત્રણ માળની કોમર્શિયલ ઇમારતમાં લાગેલી આગની ગોઝારી દુર્ઘટનામાં ૧૫ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. છતાં તંત્રની આંખ ઊઘડતી નથી.

### ગ્રાઉન્ડ રિયાલિટી તપાસવા IIT દિલ્હીના પ્રોફેસરોની ટીમ બનશે

કાગળ પર ચાલતી કામગીરી અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેનો તફાવત તપાસવા માટે સુપ્રીમ કોર્ટે એક મોટો નિર્ણય લીધો છે. કોર્ટે IIT દિલ્હીના બે વરિષ્ઠ પ્રોફેસરો અને બે નિષ્ણાત ડ્રાફ્ટસમેનની એક વિશેષ ઇન્સ્પેક્શન ટીમ (SIT) બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આ હાઇપાવર ટીમ MCDના અધિકારીઓ સાથે મળીને દિલ્હીના માલવીયા નગર, સાકેત અને લાજપત નગર તેમજ લખનૌના અલીગંજ વિસ્તારમાં થયેલા ગેરકાયદે બાંધકામોની ઝીણવટભરી તપાસ કરીને પોતાનો વિસ્તૃત અહેવાલ સીધો સુપ્રીમ કોર્ટને સોંપશે. આ સમગ્ર તપાસ પ્રક્રિયાનું સંકલન એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટી કરશે. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે માત્ર દિલ્હી જ નહીં, પરંતુ તમિલનાડુ સરકારને પણ તેમના રાજ્યમાં ગેરકાયદે બાંધકામો સામે અત્યાર સુધી લેવાયેલા પગલાંની સંપૂર્ણ વિગતો રજૂ કરવા આદેશ આપ્યો છે.

# ‘‘પપ્પા ક્યારે આવશે?’’ નિર્દોષ બાળકોનો કલ્પાંત



ભોળા બાળકોના સવાલો પથ્થર દિલના માણસને પણ રડાવી રહ્યા છે !

રાજકોટ, તા.૯

ક્ષણિક ગુસ્સો કેવી રીતે એક હસતા-રમતા પરિવારનો માળો પીંખી નાખે છે, તેનો અત્યંત કંપાવનારો અને હૃદયદ્રાવક કિસ્સો રાજકોટના નાના મવા વિસ્તારમાંથી સામે આવ્યો છે. ગત રાત્રીએ શેરીમાં બાઇક ધીમે ચલાવવાની સામાન્ય ટકોર મામલે થયેલી બોલાચાલીએ એવું સનસનાટીપૂર્ણ સ્વરૂપ ધારણ કર્યું કે તેમાં ફાયરિંગ થયું અને એક યુવાને પોતાનો જીવ ગુમાવ્યો. પરંતુ આ હત્યાકાંડ પાછળની સૌથી મોટી કરુણાંતિકા એ છે કે, જે ઘરમાં કાલે રાત સુધી કિલકિલાટ ગુંજતો હતો, ત્યાં આજે બે માસૂમ બાળકો પોતાના પિતાને શોધી રહ્યા છે. ભોળા બાળકોના એ સવાલો પથ્થર દિલના માણસને પણ રડાવી દે તેવા છે.

હત્યાનો ભોગ બનેલા ૩૨ વર્ષીય કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજાના ઘરમાં આજે જે દ્રશ્યો સર્જાયા છે, તે જોઈને કોઈ પણની આંખમાંથી ચોધાર આંસુ વહી પડે. કૃષ્ણસિંહનો પાંચેક વર્ષનો દીકરો અને માંડ દોઢ-બે વર્ષની દીકરી ઘરના ખૂણે-ખૂણે પોતાના પિતાને શોધી રહ્યા છે. તોતલી ભાષામાં તેઓ વારંવાર એક જ પ્રશ્ન પૂછી રહ્યા છે - ‘‘મારા પપ્પા ક્યારે આવશે...?‘‘ આ માસૂમોને ક્યાં ખબર છે કે જે પિતા કાલે તેમને રમાડતા હતા, તે પિતા હવે ક્યારેય પાછા આવવાના નથી. પિતાની આંગળી પકડીને ચાલતા શીખેલા આ ભૂલકાઓ પર અચાનક જ આભ તૂટી પડ્યું છે. પરિવારજનો માટે આ બાળકોને શું જવાબ આપવો તે સૌથી મોટો અને પીડાદાયક સવાલ બની ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નાના મવા ગામની શેરી નં. ૪ માં રહેતા કૃષ્ણસિંહ જાડેજા ઘર પાસે ઊભા હતા, ત્યારે શેરીમાંથી કેટલાક છોકરાઓ પૂરપાટ સ્પીડથી 'બુલેટ' લઈને નીકળ્યા હતા. રહેણાંક વિસ્તારમાં આટલી ઝડપે બાઇક ચલાવવાથી અકસ્માત થઈ શકે છે, તેવા આશયથી કૃષ્ણસિંહે આ યુવાનોને રોકીને બાઇક ધીમે ચલાવવા ટપાર્યા હતા. પરંતુ, ભૂલ સ્વીકારવાને બદલે આ છોકરાઓએ ઉદ્ધતાઈપૂર્વક ગાળો આપવાનું શરૂ કર્યું. આથી રોષે ભરાયેલા કૃષ્ણસિંહે તેમને લાફો મારી દીધો હતો. આ સામાન્ય ઝઘડાએ ત્યારે ભયાનક વળાંક લીધો, જ્યારે આ છોકરાઓએ પોતાના પિતા રણજીત વાળાને ફોન કરીને બોલાવી લીધા. થોડી જ વારમાં રણજીત વાળા ત્યાં ધસી આવ્યો હતો અને કોઈ પણ જાતની સમજાવટ કે વાતચીત કર્યા વિના સીધો જ ખૂની ખેલ શરૂ કરી દીધો. રણજીત વાળાએ પોતાની પાસે રહેલા હથિયારમાંથી ફાયરિંગ કરતા ગોળી સીધી કૃષ્ણસિંહને વાગી હતી અને તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા.

આ સનસનાટીભર્યા હુમલા વચ્ચે જ્યારે કૃષ્ણસિંહના પિતરાઇ દાદા રાજેન્દ્રસિંહ જાડેજા વચ્ચે પડ્યા અને બચાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે હુમલાખોરોએ તેમના માથામાં પણ રિવોલ્વરના કુંદા ફટકારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગણતરીની મિનિટોમાં જ આખી શેરીમાં ભયનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું. કૃષ્ણસિંહ જાડેજા પોતાના પરિવારનો એકનો એક કુળદીપક હતા. એક બહેનથી નાના કૃષ્ણસિંહ પરિવારનો સૌથી મોટો આધાર હતા. તેઓ હોટલનો વ્યવસાય ધરાવતા હતા અને સાથે જ નાના મવા વિસ્તારમાં જમીન-મકાનના વ્યવસાયમાં પણ ખૂબ ટૂંકા ગાળામાં તેમણે મોટું નામ કાઢ્યું હતું. વૃદ્ધ માતા-પિતાની આંખો સામે જ તેમના જુવાનજોધ અને આશાસ્પદ દીકરાની હત્યા થતાં પરિવાર પર વજ્રાઘાત થયો છે. જે દીકરાના ખભે વૃદ્ધાવસ્થા પસાર કરવાની હતી, તે જ દીકરાની અર્થી ઉઠાવવાનો વારો આવતા માતા-પિતાના આક્રંદથી પથ્થર પણ પીગળી જાય તેવી સ્થિતિ છે.

આ સનસનાટીપૂર્ણ હત્યાની ઘટના બાદ રાજકોટ તાલુકા પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે તાત્કાલિક અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.પોલીસની ચુસ્ત નાકાબંધી અને બાતમીદારોના નેટવર્કને આધારે, હત્યાનો મુખ્ય આરોપી રણજીત નાઝભાઈ વાળા, તેનો પુત્ર રાજવીર અને એક સગીર કિશોર(પુત્ર) એમ ત્રણેય આરોપીઓને સરધાર નજીકથી ગણતરીના કલાકોમાં જ દબોચી લેવામાં આવ્યા છે. હાલ પોલીસ દ્વારા આ મામલે સઘન પૂછપરછ અને તપાસ ચાલી રહી હોવાનું ક્રાઈમ બ્રાન્ચના એસીબી ભરત બસિયા દ્વારા આજે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પત્રકારોને વિગતો આપી હતી. તેઓએ એવું પણ જણાવ્યું હતું કે, રણજીત વાળાએ હત્યામાં વાપરેલું હથિયાર લાયસન્સ વગરનું અને ગેરકાયદે છે. તેમણે હથિયાર ક્યાંથી અને કોની પાસેથી લીધું ? કેટલા સમયથી રાખતો હતો ? વિગેરે મુદ્દાઓ પર તપાસ ઝડપી બનાવાઈ છે. રણજીત અગાઉ રાજકોટ અને બાબરા પોલીસના ચોપડે દારૂના ગુનામાં ચડી ચૂક્યો હોવાનું એસીબી ભરત બસિયાએ જણાવ્યું હતું.

### આરોપીઓને કડક સજા-ઝડપી ન્યાયની માંગ

યુવાનની હત્યાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ નાના મવા વિસ્તાર અને સમગ્ર રાજકોટના ક્ષત્રિય સમાજમાં ભારે રોષ અને શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ રાતોરાત ક્ષત્રિય સમાજના આગેવાનો, જાડેજા પરિવારના સભ્યો અને મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલ અને પોસ્ટમોર્ટમ રૂમ ખાતે ઉમટી પડ્યા હતા. સામાન્ય ટકોરમાં જીવલેણ હુમલો કરવાની આ વૃત્તિએ સમાજ સામે અનેક સવાલો ઊભા કર્યા છે. ગુનેગારોને કડકમાં કડક સજા મળે અને માસૂમ બાળકોને ન્યાય મળે તેવી માંગ ઉઠી રહી છે. આજે એક પરિવારનો માળો વિખેરાયો છે, જેની ખોટ ક્યારેય પૂરી શકાશે નહીં. બીજીબાજુ બે માસુમ બાળકો પરથી પિતાની છાત્રાછાયા ઉઠી ગઈ છે ત્યારે પરિવારજનો પર દુઃખના ડુંગરા તૂટી પડ્યાનું કહેવું ઉચિત લાગે છે. આવા સમયે પરિવારજનોને ઝડપી ન્યાય મળે અને આરોપીઓને આકરી સજા થાય તેવી પરિવારજનોએ માંગ કરી છે.

# માનવજીવ વધારે કિંમતી કે વન્યજીવનો?

## રાજકોટ બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ સંજય વ્યાસે વ્યક્ત કર્યો ધ્રુજારો



રાજકોટ, તા.૯

રાજકોટઃ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી વન્યપ્રાણીઓ, ખાસ કરીને સિંહ અને દીપડાઓ દ્વારા માનવીઓ પર થઈ રહેલા જીવલેણ હુમલાઓનો સિલસિલો અત્યંત ચિંતાજનક સપાટીએ પહોંચી ગયો છે. જંગલનો રાજા ગણાતો સિંહ કે ચપળ દીપડો હવે જંગલની હદ વટાવીને માનવ વસાહતોમાં ઘૂસી રહ્યો છે અને નિર્દોષ લોકોના ભોગ લઈ રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિ પાછળ માત્ર કુદરતી કારણો જ નહીં, પરંતુ માનવીય લાલચ અને તંત્રની ઉદાસીનતા પણ એટલી જ જવાબદાર છે. રાજકોટ બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ શ્રી સંજય વ્યાસે આ મુદ્દે સરકારને આડે હાથ લેતા અત્યંત સણસણતા અને વેધક સવાલો ઉઠાવ્યા છે.

ગીરનું જંગલ એ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર એશિયાનું ગૌરવ છે. પરંતુ દુઃખદ વાસ્તવિકતા એ છે કે આજે ગીરના જંગલોની હદ સતત સંકોચાઈ રહી છે.

વગદાર અને રાજકીય પીઠબળ ધરાવતા માથાઓ દ્વારા જંગલની આસપાસ અને ઈકો-સેન્સિટિવ ઝોનમાં મોટા પાયે અત્યાધુનિક હોટલો અને રિસોર્ટનું નિર્માણ થઈ રહ્યું છે. કુદરતી વનરાજીની જગ્યાએ ઊભા થઈ રહેલા આ કોંક્રીટના જંગલોએ વન્યજીવોના નૈસર્ગિક આવાસ પર મોટો તરાપ માર્યો છે. પરિણામે, જંગલ વિસ્તાર નાનો પડી રહ્યો છે અને પ્રાણીઓની સ્વતંત્રતા છીનવાઈ રહી છે.

જંગલ વિસ્તાર ઘટવાની સાથે સાથે વન્યપ્રાણીઓ માટે ખોરાકની ભારે અછત ઊભી થઈ છે. પૂરતો શિકાર અને ખોરાક ન મળવાને કારણે સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ હવે ગીર છોડીને આસપાસના અન્ય જિલ્લાઓ તરફ હિજરત કરવા મજબૂર બન્યા છે. ભૂખ સંતોષવા માટે માનવ વસાહતોમાં ઘૂસી આવતા આ પ્રાણીઓ પશુઓનું મારણ કરવાની સાથે હવે સીધા મનુષ્યો પર પણ જીવલેણ હુમલાઓ કરી રહ્યા છે. આ પરિસ્થિતિએ ગ્રામ્ય અને સીમ વિસ્તારોમાં ભારે ભયનો માહોલ ઊભો કર્યો છે. ખેડૂતો અને શ્રમિકો માટે રાતના સમયે ખેતરમાં જવું તો દૂર, દિવસે પણ જીવના જોખમે કામ કરવું પડે તેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે.

આ મુદ્દે તંત્રની ઢીલી નીતિ પર આકરા પ્રહારો કરતા રાજકોટ બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ શ્રી સંજય વ્યાસે એક અત્યંત ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે. ‘‘સરકારે હવે એ નક્કી કરવાનો સમય પાકી ગયો છે કે મનુષ્યના જાનની કિંમત મોટી છે કે વન્યપ્રાણીની? વન્યજીવોનું સંરક્ષણ જરૂરી છે, પરંતુ તેના ભોગે માનવ જિંદગીઓને વેડફાઈ જતી જોઈ શકાય નહીં. નિર્દોષ નાગરિકોના લોહીથી રંગાયેલા આ હુમલાઓ અટકાવવા માટે સરકારે તાત્કાલિક ધોરણે ઠોસ અને કડક કાર્યવાહી કરવી જ પડશે.‘‘

**- સંજય વ્યાસ**

### વિદેશી નીતિઓ અને આપણી મર્યાદાઓ

જ્યારે આફ્રિકા કે અન્ય વિદેશી રાષ્ટ્રોમાં વન્યપ્રાણીઓની સંખ્યા મર્યાદા બહાર વધી જાય અને તેઓ માનવ વસાહતો માટે મોટો ખતરો બની જાય, ત્યારે ત્યાંની સરકારો દ્વારા પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે અમુક ચોક્કસ સમય પૂરતી શિકાર (ઈીહહશક્ષલ) ની કાયદેસર મંજૂરી આપવામાં આવે છે. જોકે, ભારતીય સંસ્કૃતિ, કાયદાઓ અને વન્યજીવ સંરક્ષણ અધિનિયમોને જોતા આપણે ત્યાં આ પ્રકારનો વિકલ્પ કદાચ શક્ય નથી. પરંતુ તેનો અર્થ એ બિલકુલ નથી કે સરકાર હાથ પર હાથ ધરીને બેસી રહે અને લોકો ભોગ બનતા રહે.

### ...તો પ્રજા કાયદો હાથમાં લેતા અચકાશે નહીં

જો વન્યપ્રાણીઓના આ આતંકને ડામવા માટે સરકાર સમયસર જાગશે નહીં અને કોઈ યોગ્ય નિરાકરણ નહીં લાવે, તો પરિસ્થિતિ અત્યંત વિસ્ફોટક બની શકે છે. પોતાના જીવ અને પરિવારના રક્ષણ માટે ભવિષ્યમાં સામાન્ય નાગરિકો હિંસક પ્રાણીઓના ત્રાસ સામે સ્વબચાવમાં જાતે જ ઉપાયો શોધવા મજબૂર બનશે. જો લોકો ત્રાસીને કાયદો પોતાના હાથમાં લેશે, તો તેની સંપૂર્ણ જવાબદારી નિષ્ક્રિય વહીવટીતંત્રની રહેશે. સરકારે તાત્કાલિક ધોરણે વન્ય વિસ્તારમાં થતા ગેરકાયદે બાંધકામો હટાવવા, પ્રાણીઓ માટે જંગલમાં જ પૂરતા ખોરાક અને પાણીની વ્યવસ્થા ઊભી કરવી અને માનવ વસાહતોમાં પ્રાણીઓના પ્રવેશને રોકવા માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ કડક પેટ્રોલિંગની વ્યવસ્થા કરવી અત્યંત આવશ્યક છે. સમયની માંગ છે કે 'જંગલ બચાવો' ના નારા સાથે 'માનવ બચાવો' ને પણ એટલી જ ગંભીરતાથી લેવામાં આવે.

## શહેરી, જિલ્લા અને તાલુકા વિસ્તારની પ્રજાને સાવધાન રહેવા અપીલ!

# મોરબી જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના નામે ઓનલાઈન ફ્રોડનો ખેલ

રાજકોટ, તા.૯

ડિજિટલ યુગમાં સાયબર ગઠિયાઓ છેતરપિંડી આચરવા માટે રોજ નવા અને અવનવા કીમિયાઓ અજમાવી રહ્યા છે. સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા બાદ હવે આ ભેજાબાજોએ સરકારી કચેરીઓ અને સહકારી મંડળીઓને પોતાના ખેલનો હિસ્સો બનાવવાનું શરૂ કર્યું છે. મોરબી જિલ્લામાંથી એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ખુદ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના નામે એક ગઠિયો મંડળીઓ પાસે ઓડિટના બહાને ઓનલાઈન રૂપિયા ખંખેરવાનો ગોરખધંધો ચલાવી રહ્યો છે. આ ગંભીર બાબત સામે આવતા જ સહકારી તંત્ર ચોંકી ઉઠ્યું છે અને લોકો તથા મંડળીઓને તાત્કાલિક જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા કેટલાક સમયથી મોરબી જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓના સંચાલકો પર એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવી રહ્યો છે. આ ગઠિયો ફોન પર અત્યંત આત્મવિશ્વાસ સાથે પોતાનું નામ 'રમેશભાઈ' હોવાનું જણાવે છે. તે મોરબી જિલ્લા રજિસ્ટ્રાર કચેરીનો કર્મચારી હોવાની ખોટી ઓળખ આપે છે. મંડળીના હોદ્દેદારોને વિશ્વાસમાં લેવા અને ડરાવવા માટે તે મંડળીના ઓડિટની કામગીરીની વાત કાઢે છે. ઓડિટ પ્રક્રિયા પૂર્ણ કરવા અથવા તેમાં રહેલી કથિત ક્ષતિઓ દૂર કરવાના બહાને તે ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરવા દબાણ કરે છે. આ શખ્સ મુખ્યત્વે મોબાઈલ નંબર ૯૯૧૩૫૧૬૪૦૧ પરથી સંપર્ક કરી રહ્યો હોવાનું સામે આવ્યું છે.

આ ઓનલાઈન ફ્રોડનો મામલો મોરબી જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) ની કચેરીના ધ્યાનમાં આવતા જ તાત્કાલિક ધોરણે સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો છે. કચેરી દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે તેમના મહેકમમાં કે કચેરીમાં 'રમેશભાઈ' નામનો કોઈ જ કર્મચારી ફરજ બજાવતો નથી. સરકારી ઓડિટ કે અન્ય કોઈપણ કામગીરી માટે કચેરી દ્વારા આ રીતે ટેલિફોનિક સંપર્ક કરીને ક્યારેય સીધા ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કે નાણાંની માંગણી કરવામાં આવતી નથી. આ સંપૂર્ણ પ્રવૃત્તિ એક ગુનાહિત કાવતરું છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે, સરકારી કચેરીના નામનો દબદબો અને ઓડિટના ડરને કારણે કેટલીક મંડળીઓ આ ગઠિયાની વાતોમાં આવી ગઈ છે. જાણવા મળ્યા મુજબ, આ અજાણ્યા વ્યક્તિએ પોતાની વાતોની જાળમાં ફસાવીને કેટલીક મંડળીઓ પાસેથી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવીને રૂપિયા પડાવી લીધા હોવાની પ્રાથમિક વિગતો પણ સપાટી પર આવી છે. આ ઘટના બાદ સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

### છેતરપિંડીથી બચવા ખાસ અપીલ

આ ગંભીર અને આયોજનબદ્ધ છેતરપિંડીને પગલે મોરબી જિલ્લાની તમામ સહકારી મંડળીઓના પ્રમુખો, મંત્રીઓ અને હોદ્દેદારો તેમજ સામાન્ય નાગરિકોને જોગવાઈ કરવામાં આવી છે કેઃ ૯૯૧૩૫૧૬૪૦૧ કે અન્ય કોઈપણ આવા શંકાસ્પદ નંબર પરથી આવતા ફોન કોલ્સ પર જરા પણ વિશ્વાસ ન કરવો. સરકારી કચેરીના નામે કોઈપણ વ્યક્તિ ઓડિટ કે અન્ય બહાને ઓનલાઈન રૂપિયાની માંગણી કરે, તો પૂરતી ખાતરી કર્યા વગર એક પણ રૂપિયાનું ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવું નહીં. જો આવો કોઈ ફોન આવે તો તાત્કાલિક સંબંધિત સરકારી કચેરીનો રૂબરૂ સંપર્ક કરી ખરાઈ કરવી અને નજીકના પોલીસ મથક અથવા સાયબર ક્રાઈમ સેલને જાણ કરવી.લોકોની જાગૃતિ અને સમયસૂચકતા જ આવા ઓનલાઈન ગઠિયાઓને નાથવાનો એકમાત્ર અને સૌથી અસરકારક ઉપાય છે. અફવાઓથી દૂર રહો અને કોઈપણ આર્થિક વ્યવહાર કરતા પહેલા સો વખત ચકાસણી કરો.

# ઉગતાપોરના મેલડી માંના મંદિરે રવિવારે રામામંડળ

## વ્યાસન મુક્તિ કાર્યક્રમનું પણ આયોજન : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજયસભા સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાની પ્રેરણા-આશીર્વાદથી ધાર્મિક કાર્યક્રમ યોજાશે : કિશોરસિંહ જાડેજા

રાજકોટ, તા.૯

રાજકોટના શીતલ પાર્ક વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ ઉગતાપોરના મેલડી માં ધામે વ્યસનમુક્તિ અને રામદેવપીર રામામંડળનું ક્ષત્રિય અગ્રણી કિશોરસિંહ જાડેજા દ્વારા ભવ્ય આયોજન સાંજના ૪ વાગ્યે કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, રાજયસભા સાંસદ કેસરીદેવસિંહજી ઝાલાની પ્રેરણા સહ આશીર્વાદ વચ્ચે યોજાનાર બંને કાર્યક્રમોમાં હાજર રહેવા રાજકોટ મેયર, ડે. મેયર, આઈ.પી.એસ.અધિકારીઓ સહિતના મહાનુભાવોને આમંત્રણ અપાયું છે.

માં મણિધર મોગલ ધામ કબરાવ કચ્છ ચારણ ઋષિ પૂ.બાપુના રૂડા આશીર્વાદથી અષાઢી બીજ નિમિતે આગામી તા.૧૨ને રવિવાર ના રોજ રાજકોટના સુપ્રસિધ્ધ, લાખો શ્રદ્ધાળુઓનું આસ્થાનું સ્થાન ‘‘ ઉગતાપોર ના મેલડી માં‘‘ ધામે વ્યસનમુક્તિ અને બાર બીજના ધણી રામદેવપીર મહારાજનું જીવન ચરિત્ર દર્શાવતું ‘‘રામામંડળ‘‘નું આયોજન કરવામાં આવ્યું છે. ગેલમોગલ શક્તિપીઠ આશ્રમ (ગારીડા)ના મહંત અને જય ગોપાલ ટ્રસ્ટ રાજકોટના પ્રમુખ વિજયબાપુ, ઉપપ્રમુખ રાજુભાઈ પ્રજાપતિ, સત્ય સનાતન ગ્રૂપના અંકિતભાઈ અજાણી, ભાવેશભાઈ લીંબાસીયા, વિમલભાઈ લીંબાસીયા, પ્રકાશભાઈ, લોકસાહિત્યકાર કૌશિકભાઈ મહેતા (ભુદેવ), મેલડી માંના ઉપાસક રાજુભાઈ (કંટાળા ની મેલડી), કૌશિકભાઈ પૂજારી (ઉગતાપોરના મેલડી માં) અને આદ્યશક્તિ માંના ઉપાસક સ્ટુડિયો શિવ વાળા, ભાવિનભાઈ, ખખર (બજરંગ)ના સહયોગથી આ ધાર્મિક કાર્યક્રમ યોજાનાર છે.

આજની યુવા પેઢી દારૂ જેવા દુષણથી બચે તેમજ અન્ય વ્યસનોથી પણ મુક્ત બને અને યુવાનોમાં આ અંગે જાગૃતા આવે તેવા શુભ હેતુથી કિશોરસિંહજી જાડેજા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે તેમજ જય ખોડીયાર રામામંડળ, રા નવઘણભાઈના ગ્રુપ દ્વારા દ્વારકાધીશના અવતાર એવા રણુજાના રાય રામદેવજી મહારાજનું જીવન ચરિત્ર રજુ કરવામાં આવશે જે ભાવિકજનો માટે વિશેષ આકર્ષણ જગાવશે તેવું આયોજકોનું કહેવું છે. આ તકે રાજકોટ મેયર નેહલભાઈ શુક્લ, ડે. મેયર દક્ષાબેન વસાણી, રાજકોટ ડે. પોલીસ કમિશ્નર (ઝોન ૨) આઈ.પી.એસ. રાકેશ દેસાઈ, ડે.પોલીસ કમિશ્નર (ઝોન ૧) આઈ.પી.એસ. હેતલબેન પટેલ, ડે. પોલીસ કમિશ્નર (ટ્રાફીક) આઈ.પી.એસ. હરપાલસિંહજી જાડેજા, ક્રાઈમ બ્રાન્ચ ના ડે.પોલીસ કમિશ્નર આઈ.પી.એસ. જગદીશ બાંગરવા સહિતના અનેક મહાનુભાવોને આ ધર્મકાર્યનું આયોજકો દ્વારા આમંત્રણ પાઠવાયું હોવાથી આ બધા મહાનુભાવો કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને આયોજકોનો ઉત્સાહ વધારશે.



બંને કાર્યક્રમોમાં સહયોગી તરીકે સૌમ્યરાજસિંહ કિશોરસિંહ જાડેજા, મહાવીરસિંહ વખુભા જાડેજા, રઘુરાજસિંહ વાળા (પુર્વ ડ્ઈ), ધર્મેન્દ્રસિંહ દેવુભા જાડેજા( રાજપુત કરણી સેના-રાજકોટ શહેર જીલ્લા પ્રમુખ), પી.ટી. જાડેજા(આંતરરાષ્ટ્રીય પ્રમુખ રાજપુત યુવા સંઘ), કિશોરસિંહ જેઠવા(અખીલ ગુજરાત રાજપુત યુવા સંઘ-રાજકોટ જીલ્લા પ્રમુખ), ગીરીરાજસિંહ રાણા (હેલ્લો સૌરાષ્ટ્ર ન્યુઝ-રાજકોટ), નરેન્દ્રસિંહ જાડેજા (રાજકોટ મિરર ન્યુઝ), કરણસિંહ ઝાલા, મોરબી (સરપંચ - સનાડા), રાજેન્દ્રસિંહ જાડેજા (સામાજીક કાર્યકર), અજીતસિંહ જે. ઝાલા (ઠ.છ), રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા (કચ્છ ફાઈનાન્સ), શકિતસિંહ બહાદુરસિંહ જાડેજા (શકિત શરાફી મંડળી), રામદેવસિંહ ગુણુભા જાડેજા - ખાખડાબેલા, સંજયસિંહ મહાવીરસિંહ જાડેજા - વાણિયા ગામ, મનોજસિંહ મહાવીરસિંહ જાડેજા - વાણિયા ગામ, યુવરાજસિંહ સીવુભા જાડેજા (બયાણ-કચ્છ), જયદીપસિંહ કીરીટસિંહ જાડેજા (પુર્વ કોર્પોરેટર વોર્ડ નં.૧), મહાવીરસિંહ પરમાર (નવાણીયા), ઈન્દુભા જાડેજા - પડાણા (ગણેશ ઈલેક્ટ્રીક)

રાજભા ઝાલા (અકિલા ન્યુઝ ક્રાઈમ રિપોર્ટર), યુવરાજસિંહ ચુડાસમા (ૐ ઈલેક્ટ્રોનિક્સ), કૌશિકભાઈ પુજારી (ઉગતાપોરની મેલડી મા), નટવરસિંહ રાણા ( ઝાલાવાડ પેટ્રોલિયમ), દિનેશભાઈ માટીયા, યોગીરાજસિંહ સુખદેવસિંહ જાડેજા (ડ્ઈ ભકિતનગર પોલીસ સ્ટેશન), સિતારામ ગૃપ (મિહીરભાઈ ઝાલા), કૌશિકભાઈ મહેતા (નામાંકિત લોકસાહિત્યકાર) મતિ દક્ષાબા કિશોરસિંહ જાડેજા (સામાજીક કાર્યકર) પોતપોતાની બનતી સેવા માટે ખડેપગે રહેશે. તેમજ પુજય કિરીટ કાકા - અકિલા ન્યુઝ, અબતક ન્યુઝ - રાજકોટ, હેલો સૌરાષ્ટ્ર ન્યુઝ - રાજકોટ, ખાસ ખબર ન્યુઝ - રાજકોટ, સીટી ન્યુઝ - રાજકોટ, ગુજરાત મિરર ન્યુઝ - રાજકોટ, રાજકોટ મિરર ન્યુઝ - રાજકોટ વિગેરે અખબારી જૂથોના માલીકગણનું સુચારુ માર્ગદર્શન આશીર્વાદ રૂપે પ્રાપ્ત થશે તેવું આયોજકોએ જણાવ્યું હતું.સર્વે ધર્મપ્રેમી જનતા ને આ ધર્મકાર્ય નો લાભ લેવા પધારવા મુખ્ય આયોજક કિશોરસિંહજી જાડેજાએ આમંત્રણ પાઠવ્યું છે..વધુ માહિતી માટે મો.૯૯૯૮૪ ૩૯૧૩૮, ૮૮૪૯૪ ૩૪૨૫૮ નંબર પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત તસ્વીરમાં રામદેવપીરના રામામંડળ તેમજ વ્યસનમુક્તિ કાર્યક્રમની વિગતો આપવા આજે બંને કાર્યક્રમોના આયોજકો કિશોરસિંહજી જાડેજા, વિજયબાપુ, રાજુભાઈ પ્રજાપતિ, અંકિતભાઈ અજાણી, ભાવેશભાઈ લીંબસિયા, વિમલભાઈ લીંબસિયા, પ્રકાશભાઈ, કૌશિકભાઈ મહેતા, સત્ય સનાતન ગ્રૂપના સભ્યો અને ભાવિનભાઈ ખખ્ખર રાજકોટ મિરર કાર્યાલયની મુલાકાતે આવ્યા હતા તે તસ્વીરમાં દ્રષ્ટી ગોચર થાય છે.

# લોકમેળાના સ્ટોલ ભાડામાં ૫ થી ૧૦%નો વધારો

**જન્માષ્ટમી લોકમેળોનો લે-આઉટ ફાઈનલ : તડામાર તૈયારીઓ શરૂ**

રાજકોટ, તા. ૯

રાજકોટ કલેક્ટરતંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થનારા પરંપરાગત જન્માષ્ટમીના લોકમેળાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મેળાના સફળ આયોજન માટે લોકમેળા સમિતિ દ્વારા મેળાનો સંપૂર્ણ પ્લાન અને લે-આઉટ ફાઈનલ કરી દેવામાં આવ્યો છે, જે સત્તાવાર રીતે કલેક્ટર ડો. ઓમપ્રકાશને સોંપી દેવાયો છે. વહીવટી તંત્ર દ્વારા આ વખતે અત્યંત માઈક્રોપ્લાનિંગ સાથે આગળ વધવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં જ સ્ટોલ તથા રાઈડ્સના પ્લોટ માટેના ફોર્મ વિતરણની તારીખો જાહેર કરવામાં આવશે.

લોકમેળા સમિતિ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલ મુજબ, આ વખતે મેળામાં ખાણી-પીણી, રમકડાં સહિતના સ્ટોલના ભાડામાં ૫ થી ૧૦ ટકા સુધીનો વધારો તોળાઈ રહ્યો છે. જો કે, આ ભાડા વધારા અંગેનો આખરી નિર્ણય લોકમેળા સમિતિની આગામી સમયમાં મળનારી હાઈલેવલ બેઠકમાં લેવામાં આવશે. બીજી તરફ, સામાન્ય જનતાના ખિસ્સાને રાહત આપતા સમાચાર એ છે કે યાંત્રિક રાઈડ્સના ભાડામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. નાની રાઈડ્સના ₹૩૫ અને મોટી રાઈડ્સના ₹૫૦ના દર યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

મેળામાં આવતી લાખોની જનમેદની સુરક્ષા અને આપાતકાલીન સ્થિતિને પહોંચી વળવા માટે આ વર્ષે લોકમેળાના ઈતિહાસમાં સૌ પ્રથમવાર 'ગ્રીન કોરિડોર'નું નિર્માણ કરવામાં આવશે. આ ખાસ કોરિડોર ફનવર્લ્ડ પાસેના ગેટથી શરૂ થઈને જૂના એરપોર્ટ તરફ જવાના રસ્તાની સામે રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી લંબાવવામાં આવશે. આ રૂટ સંપૂર્ણપણે અનામત રહેશે, જેથી કોઈ પણ આકસ્મિક ઘટના સમયે એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટર કે પોલીસના વાહનો કોઈ પણ અડચણ વિના તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી શકે. લોકમેળા સમિતિ અને કલેક્ટર ડો. ઓમપ્રકાશના માર્ગદર્શન હેઠળ સુરક્ષા, ટ્રાફિક મેનેજમેન્ટ અને જનસુવિધાને સર્વોચ્ચ અગ્રતા આપીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સ્ટોલ ધારકો માટે ફોર્મ વિતરણની પ્રક્રિયા પણ આગામી થોડા જ દિવસોમાં શરૂ કરી દેવાશે.

આ વખતે ખાણી-પીણી, રમકડા સહિતના લોકમેળાના સ્ટોલના ભાડામાં ૫થી૧૦ ટકા સુધીનો ભાડા વધારો કરવામાં આવનાર છે. જો કે આ અંગેનો આખરી નિર્ણય લોકમેળા સમીતીની આગામી બેઠકમાં લેવામાં આવનાર હોવાનું કલેકટરતંત્રના સૂત્રોએ જણાવ્યું હતું. કલેકટરતંત્રના સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે લોકમેળાની યાંત્રીક રાઈડસના દરમાં કોઈ વધારો કરવામાં આવનાર નથી. નાની રાઈડસના રૂ.૩૫ અને મોટી યાંત્રીક રાઈડસનો રૂ.૫૦નો દર યથાવત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત લોકમેળામાં આ વખતે સૌ પ્રથમવાર ગ્રીન કોરીડોરનું નિર્માણ કરવામાં આવનાર છે.

જેમાં ફનવર્લ્ડની પાસેના ગેઈટ તથા જૂના એરપોર્ટ જવાના રસ્તાના સામેના રેસકોર્ષ ગ્રાઉન્ડ પર તેની એન્ટ્રી રખાશે. જેથી લોકમેળામાં આકસ્મિક ઘટના સમયે એમ્બ્યુલન્સ ફાયર ફાઈટરો અને પોલીસ વાહનો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી શકશે. કલેકટરતંત્ર દ્વારા માઈક્રોપ્લાનીંગ સાથે લોકમેળાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.



# ખેડૂતો બાદ હવે શિક્ષકો સરકાર સામે મોરચો માંડશે

## ૧૧ જુલાઈએ ગાંધીનગરમાં મહાધરણા : રાજકોટ જિલ્લામાંથી ૬૦૦થી વધુ શિક્ષકો જોડાશે




રાજકોટ, તા.૯

રાજ્યમાં ખેડૂતોના આંદોલનની શાહી હજુ સુકાઈ નથી ત્યાં હવે શિક્ષણ આલમમાં પણ સરકાર સામે વિરોધનો મોટો મોરચો મંડાયો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા શિક્ષકો માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ **(TET)** પાસ કરવા અંગે આપવામાં આવેલા એક મહત્વના ચુકાદા બાદ વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોમાં ભારે અસંતોષ અને રોષ ફેલાયો છે. પોતાની પડતર માંગણીઓ સંતોષવામાં ન આવતા હવે રાજ્યભરના હજારો શિક્ષકો આગામી ૧૧મી જુલાઈએ ગાંધીનગરના સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય મહાધરણા પ્રદર્શન કરવા જઈ રહ્યા છે. આ કાયદાના વિરોધમાં શિક્ષકો દ્વારા અગાઉ રાજ્યના તમામ જિલ્લા મથકોએ આવેદનપત્ર આપીને શાંતિપૂર્ણ રીતે ધરણા પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. છતાં પણ સરકાર દ્વારા આ બાબતે કોઈ મચક ન અપાતા અને માંગણીઓ સ્વીકારવામાં ન આવતા શિક્ષક સંઘોએ હવે પાટનગર ગાંધીનગર ખાતે આંદોલન આદરવાનું રણશિંગું ફૂંક્યું છે. ૧૧ જુલાઈએ યોજાનારા આ મહાધરણામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં શિક્ષકો ઉમટી પડશે.

આ આંદોલનની ગંભીરતા અંગે વિગત આપતાં રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યેશભાઈ રાખોલીયા તથા કિરીટસિંહ વાળાએ જણાવ્યું હતું કે, સરકારના આ તઘલખી નિર્ણયથી વર્ષોથી ફરજ બજાવતા વરિષ્ઠ શિક્ષકોના ભવિષ્ય સામે સવાલો ઊભા થયા છે. રાજકોટ જિલ્લાના શિક્ષકોમાં પણ આ મામલે ભારે આક્રોશ છે અને ગાંધીનગર ખાતે યોજાનારા આ ધરણા આંદોલનમાં માત્ર રાજકોટ જિલ્લામાંથી જ ૬૦૦થી વધુ શિક્ષકો સક્રિયપણે જોડાશે અને પોતાનો વિરોધ નોંધાવશે.

૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને ટેટમાંથી મુક્તિ આપવાની માંગ સાથે દિવસ ધરણા પ્રદર્શન કરશે. સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો હતો કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમણે ટેટ પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે.

જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે.આ અંગે રાજકોટ જિલ્લા પ્રાથમીક શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યેશભાઈ રાખોલીયા તથા કિરીટસિંહ વાળાએ જણાવ્યું હતું કે ગાંધીનગર ખાતે યોજાનારા આ ધરણા આંદોલનમાં રાજકોટ જિલ્લામાંથી ૬૦૦થી વધુ શિક્ષકો જોડાશે. સુપ્રીમ કોર્ટે શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી (પ્રમોશન) મેળવવા માટે 'ટેટ' **(TET)** પરીક્ષા પાસ કરવી ફરજિયાત હોવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટના આદેશ અનુસાર જે શિક્ષકોની નોકરીના ૫ વર્ષથી વધુ સમય બાકી છે, તેમણે આ પરીક્ષા પાસ કરવી જ પડશે. જો શિક્ષકો આ પરીક્ષા પાસ નહીં કરે તો તેમણે રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. કોર્ટે માત્ર એવા જ શિક્ષકોને રાહત આપી છે જેમની નોકરીના હવે માત્ર ૫ વર્ષ કે તેથી ઓછો સમય બાકી છે.

# છેવાડાના ગામડાઓની ઓચિંતી મુલાકાત લેતા કલેક્ટર

**યોજનાઓનું કર્યું ગ્રાઉન્ડ રિયાલિટી ચેક : જિલ્લા કલેકટર એક્શન મોડમાં**

રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લાના અંતરિયાળ અને છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓના લાભો પારદર્શક રીતે પહોંચે અને ગ્રામીણ સ્તરે વહીવટી પ્રક્રિયા વધુ સુદ્રઢ બને તેવા આશય સાથે જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ એક્શન મોડમાં આવ્યા છે. તાજેતરમાં જ તેમણે જિલ્લાના સરહદી અને અંતરિયાળ વિસ્તારમાં આવેલા પોલારપર અને રણજિતગઢ ગામની કોઈ પણ આગોતરા વહીવટી પ્રોટોકોલ વિના ઓચિંતી (સરપ્રાઈઝ) મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક સ્તરે ચાલી રહેલા વિકાસકામોની ઝીણવટભરી સમીક્ષા કરી સ્થળ પર જ જરૂરી આદેશો આપ્યા હતા. કલેકટર ડો. ઓમપ્રકાશ સૌપ્રથમ પોલારપર ગામ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે કોઈ પણ ભપકા વિના સીધા જ ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે વર્ગખંડોમાં જઈને બાળકોના શિક્ષણનું સ્તર ચકાસ્યું હતું તેમજ આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા પૌષ્ટિક આહારના વિતરણની વ્યવસ્થા અને તેની ગુણવત્તાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન પોલારપરના ગ્રામજનોએ કલેકટર સમક્ષ ઉનાળા દરમિયાન તેમજ સામાન્ય દિવસોમાં પડતી પીવાના પાણીની વિકટ તકલીફ અંગે રજૂઆત કરી હતી. ગ્રામજનોની આ સમસ્યાને ગંભીરતાથી લઈને કલેકટરે સ્થળ પરથી જ પાણી પુરવઠા



વિભાગના ઉચ્ચ અધિકારીઓને ટેલિફોનિક સૂચના આપી તાકીદે યોગ્ય પગલાં લેવા અને કાયમી ઉકેલ લાવવા કડક આદેશો આપ્યા હતા.

ગામને જોડતા વાહનવ્યવહારની સુવિધા સુધરે તે માટે પોલારપરને જોડતા મુખ્ય માર્ગો તેમજ ગામના આંતરિક રસ્તાઓના રીપેરિંગ કામને વહેલી તકે મંજૂરી આપી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવાની ખાતરી કલેકટરે ગ્રામજનોને આપી હતી. વહીવટમાં પારદર્શિતા લાવવાના ભાગરૂપે કલેકટર ડો. ઓમપ્રકાશે પોલારપર અને રણજિતગઢ બંને ગામોની ગ્રામપંચાયત કચેરીની પણ મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે પંચાયતના રેકોર્ડ અને દફતરોની સઘન ચકાસણી કરી હતી. ગ્રામીણ સ્તરે સરકારી યોજનાઓનો લાભ છેલ્લી પાટલીના માણસ સુધી પહોંચે તે માટે કલેકટરની આ કડક વલણવાળી મુલાકાતથી સ્થાનિક વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

કલેકટર ડો. ઓમપ્રકાશ સૌપ્રથમ પોલારપર ગામ ખાતે પહોંચ્યા હતા. ત્યાં તેમણે ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકોના શિક્ષણનું સ્તર અને પૌષ્ટિક આહારના વિતરણની વ્યવસ્થા ચકાસી હતી.ગ્રામજનો દ્વારા ઉનાળા દરમિયાન કે સામાન્ય દિવસોમાં પડતી પાણીની તકલીફ અંગે રજૂઆત કરવામાં આવતા કલેકટરે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને તાકીદે યોગ્ય પગલાં લેવા આદેશ આપ્યા હતા.

પોલારપરને જોડતા મુખ્ય માર્ગો અને આંતરિક રસ્તાઓના રીપેરિંગ કામને વહેલી તકે મંજૂરી આપવાની ખાતરી તેમણે આપી હતી.કલેકટર ડો.ઓમપ્રકાશે આ બંન્ને ગામોમાં ગ્રામપંચાયતની દફતર ચકાસણી કરી હતી.

# પાણી નિકાલ માટે 30 ડીવોટરીંગ પંપ સેટ

રાજકોટ, તા. ૯

ગુજરાત સરકાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ચોમાસા દરમિયાન સંભવિત પૂર કે વાવાઝોડા જેવી આપત્તિઓ સામે 'ઝીરો કેઝ્યુઆલિટી'ના અભિગમ સાથે આગળ વધી રહી છે. જે અન્વયે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના નિર્દેશ મુજબ તંત્ર આગોતરી તૈયારીઓ સાથે સજ્જ છે.

સિંચાઈ વિભાગ દ્વારા જિલ્લાના જળાશયો અને કેનાલ નેટવર્કની જાળવણી માટે સઘન કામગીરી કરવામાં આવી છે. રાજકોટની ૫૬ નાની સિંચાઇ યોજનાઓ પૈકી ૨૨ નાની સિંચાઇ યોજનાઓમાં કેનાલ સિસ્ટમને કાર્યરત રાખવામાં આવી છે, સાથે જ ૧૨૪૮ તળાવો અને ૮૪૦ ચેકડેમો પર દેખરેખ રાખવામાં આવે છે. ડેમોની સેફ્ટી ચેક, નદીઓની સાફ-સફાઈ અને ગેટ રિપેરિંગ જેવા પ્રી-મોન્સૂન કામો સમયસર પૂર્ણ કરી લેવાયા છે. કટોકટીના સમયે સંપર્ક તૂટે નહીં તે માટે ડેમ સાઈટ પર આધુનિક વાયરલેસ સેટ પણ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે.

રસ્તાઓ અને નાલા-પુલિયાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું છે, જેમાં 'ક્રિટિકલ' જણાતા સ્ટ્રક્ચર્સનું તાત્કાલિક સમારકામ કરાયું છે. ભારે વરસાદમાં રસ્તા ધોવાઈ જવાના કિસ્સામાં વૈકલ્પિક રૂટ્સની યાદી તૈયાર છે. આ ઉપરાંત, ઈમરજન્સી સેવા માટે જે.સી.બી., ડમ્પર, ટ્રક અને ટ્રેક્ટર જેવા વાહનો ઓન-કોલ ઉપલબ્ધ રહે તે માટે કોન્ટ્રાક્ટરોના સંપર્ક નંબર સહિત અદ્યતન ડેટાબેઝ પણ તૈયાર રાખવામાં આવ્યો છે.

સંસાધનોમાં ૪૯ ડમ્પર અને ૨૩ ટ્રેકટર સામેલ છે, જે ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં કાટમાળ ખસેડવા અને સામગ્રીની હેરફેર માટે ઉપયોગી સાબિત થશે. આ ઉપરાંત, રસ્તાઓ પરથી અવરોધો હટાવવા અને ખોદકામ માટે ૧૩ જે.સી.બી. તથા ૧૧ લોડર ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે. તેમજ કટોકટીના સમયે પાણી પુરવઠો જાળવી રાખવા અથવા અન્ય જરૂરી કાર્યો માટે ૧૧ વોટર ટેન્કરની સુવિધા પણ છે. આમ, આ સંસાધનોની મદદથી ચોમાસા દરમિયાન ઊભી થનારી કોઈપણ પરિસ્થિતિમાં માર્ગ વ્યવહાર ઝડપથી પૂર્વવત કરવા માટે વિભાગે પૂરતી વ્યવસ્થા કરી લીધી છે. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ) દ્વારા આફતના સમયે પણ નાગરિકોને શુદ્ધ પેયજળ મળી રહે તેવું આયોજન કરાયું છે. નીચાણવાળા વિસ્તારોમાં ભરાતા પાણીના ઝડપી નિકાલ માટે સરકારી વિભાગો સાથે સંકલન સાધીને 30 જેટલા હાઇ-કેપેસિટી ડીવોટરીંગ પંપ સેટ્સ તૈયાર રાખવામાં આવ્યા છે. પૂર કે વાવાઝોડા જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોગચાળો ન ફેલાય તે માટે પીવાના પાણીની ગુણવત્તા જાળવી રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**૧૨૪૮ તળાવો અને ૮૪૦ ચેકડેમો પર પણ દેખરેખ : માર્ગોની મરામત અને બચાવ કામગીરીમાં ઉપયોગી ૧૧૭ સંસાધનો ઉપલબ્ધ**

# ૧૮મીએ લેન્ડગ્રેબિંગ બેઠક : 30 કેસ બોર્ડ પર

## ભૂમાફિયાઓ પર કાયદાનો સકંજોઃ સરકારી જમીન પર પેશકદમી કરનારા અને મિલ્કત પચાવી પાડનારાઓ સામે કડક પગલાં



રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી તા.૧૮ને શનિવારે લેન્ડગ્રેબીંગ કમિટીની એક અત્યંત મહત્વની બેઠક જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવી છે. આ હાઈપ્રોફાઈલ બેઠકમાં જિલ્લામાં જમીન પચાવી પાડવાના કુલ 30 જેટલા ગંભીર કેસોની સઘન સુનાવણી હાથ ધરવામાં આવનાર છે, જેને પગલે ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

કલેક્ટર તંત્રના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ આગામી બેઠકમાં વહીવટી તંત્ર દ્વારા ૧૦ જેટલા અરજદારોને રૂબરૂ ઉપસ્થિત રહેવા માટે કડક ફરમાન જારી કરવામાં આવેલ છે. શનિવારે યોજાનારી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશની સાથે અધિક કલેકટર બારોટ, જિલ્લા પોલીસવડા (જી) સહિત લેન્ડગ્રેબીંગ કમિટીના તમામ સદસ્યો અને ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે. આ બેઠક દરમિયાન સરકારી જમીનો પર ગેરકાયદેસર રીતે પેશકદમી કરનારા અને સામાન્ય નાગરિકોની પારકી મિલ્કત પચાવી પાડનારા તત્વો સામે કાયદાનો ગાળિયો મજબૂત રીતે કસવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ભૂમાફીયાઓ પર કડક અંકુશ લગાવવા અને ગરીબો-સામાન્ય લોકોની જમીનોનું રક્ષણ કરવા માટે વર્ષ-૨૦૨૦માં ગુજરાત સરકાર દ્વારા આ ઐતિહાસિક 'લેન્ડગ્રેબીંગ એક્ટ' (જમીન હડપ વિરોધી કાયદો) મંજૂર કરવામાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત ગુનો સાબિત થયેથી જમીન હડપ કરનારાઓ માટે ૧૦ વર્ષથી લઈને મહત્તમ ૧૪ વર્ષ સુધીની આકરી સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાની કડક જોગવાઈઓ હેઠળ માત્ર જમીન પચાવી પાડવી એટલું જ નહીં, પરંતુ આવી પ્રતિબંધિત કે ગેરકાયદેસર જમીન પર બાંધકામ કરનારા તેમજ ગેરકાયદે કબ્જો જમાવીને બેસનારા તમામ તત્વોને પણ આ કાયદાના દાયરા હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

આ બેઠકમાં ૧૦ જેટલા અરજદારોને રૂબરૂ ઉપસ્થિત રહેવા કલેકટર તંત્ર દ્વારા ફરમાન કરવામાં આવેલ છે. આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ, અધિક કલેકટર બારોટ, જિલ્લા પોલીસવડા, સહિત લેન્ડગ્રેબીંગ કમિટીના તમામ સદસ્યો ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં સરકારી જમીનો પર પેશકદમી કરનારા અને પારકી મિલ્કત પચાવી પાડનારા સામે કાયદાના શિકંજો કસવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૨૦માં ભૂમાફીયાઓ પર અંકુશ લગાવવા માટે રાજય સરકાર દ્વારા આ લેન્ડગ્રેબીંગના કાયદાને મંજૂરી આપવામાં આવી હતી. આ કાયદા અંતર્ગત જમીન હડપ કરનારાઓ માટે ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત આવી જમીન પર બાંધકામ, ગેરકાયદે કબ્જો કરનારાઓ પણ આ કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

અરજદારો લેન્ડગ્રેબીંગની અરજીઓ સરળતાથી કરી શકે તે માટે રાજયની દરેક કલેકટર કચેરીમાં અલગથી લેન્ડગ્રેબીંગ વિભાગ પણ કાર્યરત કરવામાં આવેલ છે. રાજ્યના નાગરિકો અને પીડિત અરજદારો લેન્ડગ્રેબીંગની વ્યાપક ફરિયાદો તેમજ અરજીઓ કોઈપણ મુશ્કેલી વગર ખૂબ જ સરળતાથી કરી શકે તે માટે રાજયની દરેક જિલ્લા કલેકટર કચેરીમાં અલગથી એક સમર્પિત 'લેન્ડગ્રેબીંગ વિભાગ' પણ કાર્યરત કરવામાં આવેલ છે. શનિવારની આ બેઠકમાં લેવાનારા કડક નિર્ણયો પર હવે સમગ્ર જિલ્લાની નજર મંડાયેલી છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# અંતિમ દર્શન..

## ગેરકાયદે સિંહ દર્શન કરવા ગયો, સાવજનો નાસ્તો બની ગયો



ગુજરાતનું વન વિભાગ એશિયાટિક સિંહોના સંરક્ષણ પાછળ કાગળ પર કરોડો રૂપિયાના ધુમાડા કરે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ આખુંય તંત્ર સાવજોની સુરક્ષા મામલે જરાય ગંભીર નથી. હાલ સિંહોનો મેટિંગ પિરિયડ એટલે કે પ્રજનન કાળ ચાલી રહ્યો છે, જેમાં નિયમ મુજબ સિંહ દર્શન પર કાયદાકીય પ્રતિબંધ હોય છે. છતાં, જંગલ ખાતાની રહેમનજર હેઠળ કેટલાક અળવિતરા તત્વો રક્ષિત વિસ્તારમાં પિકનિક મનાવવા ઘૂસી જાય છે.

સોહિલ મુંજાવર નામનો આવો જ એક નમૂનો મિત્રો સાથે મોજ કરવાના ઈરાદે સાવજ યુગલની પ્રાઈવસી ભંગ કરવા પહોંચી ગયો હતો. દૂરથી જોઈને સંતોષ માનવાને બદલે સોશિયલ મીડિયા પર ફિશિયારી મારવા ભાઈ ડાલામથ્થાની સાવ નજીક ગયા. વનરાજે પણ મહેમાનગતિમાં કસર ન છોડી; પળવારમાં સોહિલને ઝડપીને સીધો મોક્ષ અપાવી દીધો અને તેના શરીરનો સ્વાદિષ્ટ નાસ્તા તરીકે ઉપયોગ કરી લીધો. કાયદાના લીરેલીરા ઉડાવી ધરાર મોતના મુખમાં જનારા આવા તત્વોની આવી જ દશા થવ જોઈએ. સાહિલ માટે આ સિંહ દર્શન અંત્મ દર્શન બની ગયા. જો કે સાહિલ સાથે રહેલા કહે છે કો, અમે સિંહ દર્શન માટે ગયા ન હતા, રસ્તો ભૂલીને ત્યાં પહોચી ગયા હતા. વાસ્તવમાં શું હતું એ અંગે તપાસ થવી જોઈએ.

સૌથી મોટો અને આકરો સવાલ વન તંત્રની નપુંસક કામગીરી પર છે. જંગલમાં કોઈ પક્ષી પણ પાંખ મારે તો વન વિભાગને ખબર હોવાનો મોટો દાવો કરતું તંત્ર, સોહિલ જેવા લુખ્ખાઓ ઘૂસી જાય ત્યારે કયા ઊંઘતું હોય છે? આ સરેઆમ તંત્રની નિષ્ફળતા છે કે પછી પગાંધીછાપપ લીલી નોટોનું અંદર-અંદરનું કોઈ તગડું સેટિંગ ચાલી રહ્યું છે? જે હોય તે, પણ આ આખી ઘટના વન વિભાગના ગાલ પર સણસણતો તમાચો છે. સિંહોના નામે કમાતા દલાલો અને ભ્રષ્ટ અધિકારીઓની મિલીભગત વગર આ શક્ય જ નથી.

હાલમાં ગામડાઓમાં સાવજ અને દીપડા ઘૂસીને માણસો પર હુમલા કરતા હોવાનો મુદ્દો ગરમાયો છે, લોકો હોબાળો મચાવે છે. પણ મૂળ વાત એ છે કે માણસ પોતે વધુ જંગલી અને મર્યાદાવિહીન બની રહ્યો છે. સિંહો આપણા જંગલનું અસલી ગૌરવ છે, પણ ભ્રષ્ટ વન તંત્રના પાપે અને સોહિલ જેવા મૂર્ખાઓની નાદાનીથી આ ગૌરવ આજે આખી માનવજાત માટે મોટી આફત અને સમસ્યારૂપ બની ગયું છે.

વન વિભાગ હવે તો કુંભકર્ણી નિદ્રામાંથી જાગે અને આવા ગેરકાયદે ટુરિઝમના સેટિંગિયા ધંધા સદંતર બંધ કરાવે તે ખૂબ જરૂરી છે. ભ્રષ્ટ બાબુઓ ઓફિસોમાંથી બહાર નીકળીને જંગલ પર ધ્યાન આપે તો જ આ વન્યજીવો બચશે, નહીંતર રોજ આવા અળવિતરાઓ સિંહનો ખોરાક બનતા રહેશે અને તંત્ર માત્ર કાગળ પર તપાસના નાટક કરતું રહેશે.

# પૈસા, પક્ષ અને પદ જોખમમાં

## ૬૫ દિવસમાં મમતા બેનર્જીની રાજકીય દુનિયા કેવી બદલાઈ ગઈ?

નવીદિલ્હી, તા. ૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૪ મેના રોજ જાહેર થયા હતા. ચૂંટણી પરિણામો મમતા બેનર્જી માટે અનુકૂળ નહોતા. ૧૫ વર્ષ સત્તામાં રહ્યા પછી, તેમનો પક્ષ ચૂંટણી હારી ગયો. જોકે, પાર્ટી ૮૦ ધારાસભ્યો જીતવામાં સફળ રહી. આ પછી, મમતા બેનર્જીએ રાજકારણમાં ફરીથી પ્રવેશવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો. જોકે, છેલ્લા ૬૫ દિવસમાં, પાંચ ઘટનાઓએ મમતા બેનર્જીના રાજકીય પરિદશ્યને બદલી નાખ્યું છે. રાજકારણમાં ફરીથી ઉભરી આવવાનું વચન આપ્યા પછી, મમતા બેનર્જી હવે તેમના પક્ષ, તેમના નાણાકીય બાબતો અને તેમના પદને બચાવવાના પડકારનો સામનો કરી રહ્યા છે. હાલમાં, ત્રણેય સંકટમાં છે. મમતા બેનર્જીની પાર્ટીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ૨૯ બેઠકો જીતી હતી, પરંતુ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ, તેમના ૧૯ સાંસદોએ પાર્ટી છોડી દીધી છે. ૧૮ મેના રોજ, કાકોલી ઘોષ દસ્તીદારના નેતૃત્વમાં, તૃણમૂલ કોંગ્રેસના ૧૯ સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખ્યો હતો. આ પત્ર જૂનમાં સત્તાવાર જાહેરાત પછી જ જાહેર થયો હતો. કાકોલી ઘોષ દસ્તીદાર સાથે તૃણમૂલના સાંસદ સુદીપ બંદોપાધ્યાય, સયોની ઘોષ અને યુસુફ પઠાણ જોડાયા છે. મમતા બેનર્જી પાસે હાલમાં આઠ લોકસભા સાંસદ છે, જેમાં અભિષેક બેનર્જી, મહુઆ મોઈત્રા અને કીર્તિ ઝા આઝાદનો સમાવેશ થાય છે.

૩ જૂનના રોજ, બળવાખોર ધારાસભ્ય ઋતાબ્રત બેનર્જીના નેતૃત્વમાં તૃણમૂલના ધારાસભ્યોમાં ભાગલા પડ્યા. લગભગ ૭૦ ધારાસભ્યોએ એક અલગ જૂથ બનાવ્યું. આ જૂથને વિધાનસભામાં માન્યતા આપવામાં આવી, ત્યારબાદ મમતા બેનર્જીના નજીકના સાથી શોભનદેવ ભટ્ટાચાર્ય પાસેથી વિપક્ષના નેતા તરીકેનું પદ છીનવી લેવામાં આવ્યું. ઋતાબ્રત બેનર્જીએ દાવો કર્યો કે અભિષેક બેનર્જી પાર્ટીમાં સરમુખત્યાર બની ગયા છે અને તેમને હટાવવાની



માંગ કરી. ૨૨ જૂનના રોજ, ઋતાબ્રત બેનર્જી જૂથે તૃણમૂલ કોંગ્રેસમાં દાવો કર્યો. ઋતાબ્રત જૂથે દાવો કર્યો કે ૭૦ ધારાસભ્યો તૃણમૂલના સાચા ઉત્તરાધિકારી છે. જૂથે આ માટે ગઈઙ અને શિવસેનાના મુદ્દાને કારણભૂત ગણાવ્યા છે. આ જૂથે અરૂપ રોયને પાર્ટી પ્રમુખ જાહેર કર્યા છે. મમતા બેનર્જીને પાર્ટી પ્રમુખ પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આ મામલો ચૂંટણી પંચ સમક્ષ પેન્ડિંગ છે. જોકે, ભૂતકાળના કિસ્સાઓને આધારે એવું કહેવામાં આવી રહ્યું છે કે મમતાને પાર્ટીના મામલામાં ઝટકો લાગી શકે છે. તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા ઉથલપાથલને ધ્યાનમાં રાખીને, પહેલા ચૂંટણી પંચ અને પછી ઊઉએ પાર્ટીના ભંડોળને સ્થગિત કરી દીધું છે. પાર્ટી પાસે ₹૪૪૦ કરોડનું ભંડોળ હતું. મમતા બેનર્જીએ આને ષડયંત્ર ગણાવ્યું છે. જોકે, મમતા બેનર્જી માટે આ ભંડોળ પાછું મેળવવું સરળ રહેશે નહીં. પાર્ટીનો નિર્ણય પહેલા આવશે, અને પછી ભંડોળ.

મમતા બેનર્જીની સુરક્ષા પણ ઓછી કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે, પહેલા મમતાના નિવાસસ્થાનની બહાર મજબૂત પોલીસ બેરિકેડ હતો, જેના કારણે તેમની આસપાસ ફરવું મુશ્કેલ બન્યું હતું. હવે, આમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે આ ફેરફારના કારણો વિશે કોઈ માહિતી આપી નથી. બે દિવસ પહેલા, મમતાએ આરોપ લગાવ્યો હતો કે તેમને તેમના ઘરની અંદર નજરકેદ કરવામાં આવ્યા છે. તેમના ઘરની બહાર CRPF જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. મમતા બેનર્જી હજુ પણ નવ રાજ્યસભા સાંસદો, આઠ લોકસભા સાંસદો અને ૧૦ ધારાસભ્યો છે. વધુમાં, સંગઠનમાં કોઈ મોટો ભાગલા પડ્યા નથી. સંગઠનના સભ્યો તેમની સાથે રહે છે. ઉત્તર બંગાળ અને મેદિનીપુરને બાદ કરતાં, મમતા બેનર્જી પાસે હજુ પણ મજબૂત સમર્થન આધાર છે.

# ઈરાનના ચાબહાર બંદર પર અમેરિકાનો હુમલા



## ભારતની ચિંતા વધી, પાકિસ્તાન કેમ ખુશ છે?

નવીદિલ્હી, તા. ૯

યુદ્ધવિરામ પછી પહેલી વાર અમેરિકાએ ઈરાનના વ્યૂહાત્મક ચાબહાર બંદર નજીક લશ્કરી કાર્યવાહી કરી છે. આ હુમલાથી પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો છે એટલું જ નહીં, પરંતુ ભારતના સૌથી મહત્વપૂર્ણ વિદેશી વ્યૂહાત્મક પ્રોજેક્ટ્સમાંના એક અંગે પણ ચિંતાઓ વધી છે. ચાબહાર બંદર માત્ર ભારત માટે બંદર નથી, પરંતુ મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન માટે એક વ્યૂહાત્મક પ્રવેશદ્વાર છે. ભારતે બંદરના વિકાસ અને સંચાલનમાં ભારે રોકાણ કર્યું છે. આ ક્ષેત્રમાં સંઘર્ષ વધવાથી ભારતના વેપાર, કનેક્ટિવિટી અને વ્યૂહાત્મક હિતોને અસર થઈ શકે છે. યુએસ હુમલા બાદ, ચાબહારમાં અનેક વિસ્ફોટ અને વીજળી ગુલ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. યુએસ સૈન્યનું કહેવું છે કે તેણે આંતરરાષ્ટ્રીય શિપિંગ સામે ઈરાન દ્વારા ઉપયોગમાં લેવાતા દરિયાઈ માળખાકીય સુવિધાઓ અને લશ્કરી સ્થાપનોને નિશાન બનાવ્યા છે. ઈરાને તેને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવીને કડક પ્રતિક્રિયા આપવાની ચેતવણી આપી છે. ભારત અને ઈરાને તાજેતરના વર્ષોમાં ચાબહાર બંદરના સંચાલન અંગે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેના હેઠળ ભારતીય કંપની ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IPGL) બંદરના ટર્મિનલમાંથી એકનું સંચાલન કરે છે. ભારત ચાબહારને એક મુખ્ય પ્રાદેશિક વેપાર અને લોજિસ્ટિક્સ હબ તરીકે વિકસાવવાનું લક્ષ્ય રાખે છે.

જો ચાબહાર અને તેની આસપાસ લશ્કરી તણાવ વધશે, તો તે ભારતના વેપાર માર્ગો, ઉર્જા સુરક્ષા અને મધ્ય એશિયા સાથે જોડાણ યોજનાઓને અસર કરી શકે છે. ભારતીય રોકાણો અને બંદર પર ચાલી રહેલા પ્રોજેક્ટ્સ પણ જોખમમાં મુકાઈ શકે છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, ભારત હવે ચાબહાર બંદર અને ત્યાં ચાલી રહેલા ભારતીય પ્રોજેક્ટ્સની સુરક્ષા અને આ ક્ષેત્રમાં ભવિષ્યની ઘટનાઓ પર નજીકથી નજર રાખશે. ભારતના વ્યૂહાત્મક પ્રોજેક્ટ પર જોખમ છે. યુદ્ધવિરામ પછી આ પહેલી વાર છે જ્યારે અમેરિકાએ ચાબહાર બંદરને નિશાન બનાવ્યું છે. આ બંદર ભારત માટે મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સુધી પહોંચવા માટે એક મુખ્ય પ્રવેશદ્વાર છે.ચાબહાર બંદર ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં મકરાન કિનારે સ્થિત છે. તે પાકિસ્તાનના ગ્વાદર બંદરથી માત્ર ૧૭૦ કિલોમીટર પશ્ચિમમાં છે. ચાબહાર પાકિસ્તાનને બાયપાસ કરીને ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધીનો માર્ગ પૂરો પાડે છે. ઈરાન-યુએસ શાંતિ કરારથી ભારતના ચાબહાર બંદર ફરીથી કાર્યરત થવાની આશા જાગી હતી, પરંતુ નવા હુમલાઓએ તેને પાટા પરથી ઉતારી દીધી છે. યુએસ પ્રતિબંધોને કારણે, ભારતે ચાબહાર ફ્રી ઝોનમાં તેનો હિસ્સો અસ્થાયી રૂપે સ્થાનિક ઈરાની કંપનીને ટ્રાન્સફર કરી દીધો છે. ભારત આ બંદરનું સીધું સંચાલન કરી રહ્યું નથી. આ તેના ૧૨૦ મિલિયન ડોલરના રોકાણને પ્રતિબંધોથી બચાવવા અને બંદર પર પાછા ફરવાની શક્યતા જાળવી રાખવા માટે છે.

ચાબહાર બંદર પરના તાજેતરના યુએસ હુમલાઓ કોઈપણ સક્રિય ભારતીય સંચાલિત સુવિધાઓને તાત્કાલિક વિક્ષેપિત કરતા નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે ભારત અસ્પૃશ્ય રહેશે. યુએસ હુમલો સીધા એક પ્રોજેક્ટના પાયા પર પ્રહાર કરે છે જે પશ્ચિમ અને મધ્ય એશિયા માટે ભારતના વ્યૂહાત્મક દ્રષ્ટિકોણનો મુખ્ય ભાગ રહ્યો છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## યોગીની એકાદશી! જેના આધ્યાત્મિક અર્થઘટન ને કંઈ રીતે મૂલવી શકીએ?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે જેઠ વદ એકાદશી એટલે યોગીની એકાદશી છે! સ્વયં પર સંયમન રાખવાં વ્રત ઉપવાસ કરવાં જેવું ઉત્તમ બીજું કંઈ નથી, પણ વ્રત એટલે માત્ર ઉપવાસ એટલું જ નહીં અને સદગુરુની કૃપા અવિરતપણે વહે છે, એટલે વ્રત રુપે ગુરુવાર ઘણાં લાંબા સમય સુધી થયો! પરંતુ તબિયત સાજી નરવી થાય એટલે સંતાનો મુકાવી દે! પાછું હમણાં એકાદશી વ્રત શરૂ થયું, અને એ રીતે યોગીની એકાદશીનું મહાત્મ્ય જાણવાં મથી, તો ઘણું સારું ચિંતન થઈ શકે એમ છે, એવું લાગ્યું, કારણ કે નામ જ યોગ પરથી છે, અને યોગ એટલે માત્ર ક્રિયા નહીં, પણ જીવ નો ઈશ્વર સાથે જોડાવાનો એક અદભુત, અનુભૂત, અને અહર્નિશ પ્રયાસ! કે જેની કલ્પના માત્રથી સાધક આલ્હાદક ભાવથી ભરાય જાય છે.

યોગિની એકાદશીનું પૌરાણિક મહાત્મ્ય મુખ્યત્વે બ્રહ્મવૈવર્ત પુરાણ અને અન્ય વૈષ્ણવ ગ્રંથોમાં વર્ણવાયેલું છે. આ એકાદશી પાપોના નાશ, રોગોથી મુક્તિ અને અંતે મોક્ષદાયી માનવામાં આવે છે. તે સામાન્ય રીતે દેવશયની એકાદશી પહેલાં આવતી જેઠ કૃષ્ણ પક્ષની એકાદશી છે. તેની પ્રસિદ્ધ કથા આ પ્રમાણે છે.

કુબેરનાં ઉદ્યાનમાં હેમમાલી નામનો માળી ભગવાન શિવની પૂજા માટે દરરોજ પુષ્પો લાવતો હતો. એક દિવસ તે પોતાની પત્ની વિશાલાક્ષીના પ્રેમમાં મગ્ન થઈ ગયો, અને સમયસર ફૂલો પહોંચાડી શક્યો નહીં. આથી ક્રોધિત થઈ કુબેરએ તેને કોઢ ,કુષ્ઠરોગ થવાનો અને સ્વર્ગમાંથી પૃથ્વી પર પડી જવાનો શાપ આપ્યો. પૃથ્વી પર ઘણું દુ:ખ ભોગવ્યા પછી હેમમાલીને માર્કંડેય ઋષિ મળ્યા.ઋષિએ તેને યોગિની એકાદશીનું વ્રત શ્રદ્ધાપૂર્વક કરવાની સલાહ આપી. હેમમાલીએ વ્રત કર્યું, જેના પુણ્યથી તેનો શાપ દૂર થયો, કુષ્ઠરોગ મટી ગયો અને તેને ફરી દિવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયું. ત્યારબાદ તે પોતાની પત્ની સાથે સ્વર્ગમાં પરત ગયો. પુરાણોમાં જણાવ્યા મુજબ આ વ્રતથી, મોટા પાપોનો ક્ષય થાય છે. રોગો અને દુ:ખોમાંથી રાહત મળે છે. મન અને આત્માની શુદ્ધિ થાય છે. ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.અંતે મોક્ષની પ્રાપ્તિનો માર્ગ સુગમ બને છે.એવું પણ કહેવામાં આવે છે કે, યોગીની એકાદશીનું વ્રત કરવાનું પુણ્ય હજારો બ્રાહ્મણોને ભોજન કરાવવાં જેટલું, અથવા અનેક મહાન દાન કરવાં જેટલું ફળદાયી માનવામાં આવે છે. આ વ્રતનું મુખ્ય તત્વ માત્ર ઉપવાસ જ નથી, પરંતુ ભગવાન વિષ્ણુનું સ્મરણ, પૂજા, જપ, સાત્વિક આચરણ અને દયા દાન સાથે જીવનને વધુ પવિત્ર બનાવવાનો સંકલ્પ પણ છે.

કેટલાક વૈષ્ણવ ગ્રંથોમાં યોગીની એકાદશીને મન, ઇન્દ્રિયો અને ચિત્તને યોગમાં સ્થિર કરનારી એકાદશી તરીકે સમજાવવામાં આવી છે. અહીં કથા કરતાં વ્રતનાં આધ્યાત્મિક મહાત્મ્ય પર વધુ ભાર છે. કેટલીક લોકપરંપરાઓમાં એવું કહેવાય છે કે આ વ્રતથી પિતૃદોષ, રોગ અને પૂર્વજન્મના પાપોમાંથી મુક્તિ મળે છે, પરંતુ આ માન્યતાઓ મુખ્ય પુરાણિક કથાથી અલગ લોકવિશ્વાસ તરીકે પ્રચલિત છે. કેટલાંક વ્રત માહાત્મ્ય ગ્રંથોમાં યોગીની એકાદશીના ફળની સરખામણી અઠ્યાસી હજાર બ્રાહ્મણોને ભોજન કરાવવાનું પુણ્ય સાથે કરવામાં આવે છે. આ ઉપમા વ્રતનાં મહિમાને દર્શાવવા માટે છે, કોઈ અલગ કથા નથી.

પરંતુ પુરાણોની કથાઓને માત્ર ઐતિહાસિક ઘટના તરીકે નહીં, પરંતુ આંતરિક સાધનાનાં પ્રતીક તરીકે જોવાની પરંપરા પ્રાચીન સમયથી રહી છે. કારણકે આવી પૌરાણિક કથાઓ તો બોધ માટે હોય છે, એમાંથી બોધ પ્રાપ્ત કરીને બુદ્ધ તો આપણે બનવાનું હોય.

યોગિની એકાદશીને પ્રતીકાત્મક રીતે સમજીએ તો, યોગ એટલે ભગવાન સાથે જોડાણ, પોતાનાં આત્મસ્વરૂપમાં સ્થિર થવું, અથવા મનનું એકાગ્ર થવું. યોગીની એટલે એવી શક્તિ કે જે યોગની ક્રિયા દ્વારા અંતિમ પડાવ એટલે કે સાક્ષાત્કાર સુધી પહોંચાડે અને એવી ચેતના જેનાથી પરમ તત્વનું ચૈતન્ય આકર્ષિત થાય, અને ત્યાં નિત્ય નિવાસ કરે

હવે યોગીની એકાદશીની પૌરાણિક કથાને આધ્યાત્મિક રીતે મૂલવીએ. હેમમાલી પાસે ફૂલો હતા. ફૂલ પૂજાના પ્રતીક છે, પરંતુ પૂજામાં ફલ ચડાવવા એટલે આપણા સારા ગુણો, શુદ્ધ ભાવ અને સદ્ગુણ ઈશ્વરને અર્પણ કરવાં. પરંતુ હેમ માલી આ સમયે વિષયાસક્તિમાં પડ્યો. તેનો અર્થ એ પણ થઈ શકે કે, મન ઇન્દ્રિયસુખમાં એટલું ફસાયું કે પરમ કર્તવ્ય ભૂલી જવાયું. કુબેરનો શાપ બહારની સજા જ નહીં, પરંતુ અધર્મનું સ્વાભાવિક પરિણામ પણ દર્શાવે છે. જ્યારે મન કર્તવ્યથી વિમુખ થાય છે, ત્યારે આંતરિક શાંતિ, તેજ અને આરોગ્ય પણ ઘટે છે. માર્કંડેય ઋષિ એટલે ગુરુતત્ જીવનમાં જાગૃતિ લાવનાર માર્ગદર્શન કરનાર તરીકે અહીં માર્કંડેય ઋષિનો સંદર્ભ મુકાયો છે. માત્ર યોગીની એકાદશી નહીં પરંતુ પ્રત્યેક એકાદશીનું વ્રત માત્ર અન્નનો ત્યાગ નથી; તે અગિયાર ઇન્દ્રિયો એટલે કે પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને મનને સંયમમાં રાખવાનો અભ્યાસ છે. એટલે એકાદશીની કે કોઈ પણ વ્રતની પૌરાણિક કથા માંથી બોધ તારવી બુદ્ધ તો આપણે જ બનવાનું હોય, સદગુરુ કૃપાથી પ્રાપ્ત થયેલ આ બોધ ખૂબ અર્થસભર છે. કારણકે પુરાણોમાં ઋષિ માર્ગ બતાવે છે, પરંતુ ચાલવાનું તો સાધકે જ હોય છે. કથા દિશા આપે છે, ગંતવ્ય સુધી લઈ જતી નથી; પ્રયત્ન સાધકનો જ હોય છે. આ દષ્ટિએ પ્રત્યેક એકાદશીનું વ્રત આવાં શુદ્ધ સંકલ્પથી કરીએ, કે જ્યાં મન વિષયોથી પાછું વળી યોગ તરફ વળે છે, અને નિર્વિકાર આંતરિક અવસ્થા તરફનું પ્રયાણ શક્ય બની શકે છે. જોકે આ આધ્યાત્મિક અને પ્રતીકાત્મક અર્થઘટન છે સદગુરુ કૃપાથી પ્રાપ્ત થયું છે, માટે દરેક વ્યક્તિ એની સાથે સંમત ન પણ હોય. પરંપરાગત પુરાણોમાં યોગીની એકાદશીને આ રીતે સ્પષ્ટ વ્યાખ્યાયિત કરવામાં આવી નથી; પરંતુ તે ભારતીય અધ્યાત્મ દર્શનની એક જાણીતી પદ્ધતિ છે, કે પુરાણોને આંતરિક યોગયાત્રાના નકશા તરીકે વાંચવા. એટલે પૌરાણિક કથાનું બાહ્ય દર્શન તો છે જ પણ એ કરતાં વધુ ભોગી અને સંસારી જીવ નાં મનની સ્થિતિનું દર્શન કરાવે છે.

આપણાં શાસ્ત્રોમાં એકાદશીનું વ્રત બહુ ફળદાયી બતાવાયું છે અને ભલે ફળની આશા માટે પણ જો યોગ્ય રીતે થાય તો જીવ ધીરેધીરે સંયમી બની શકે, અને વિષય વિલાસ માંથી મન આસાનીથી બહાર નીકળી શકે! વ્રત ઉપવાસ સાથે સાથે અમુક નિશ્ચિત સંખ્યામાં નામ સ્મરણ કે હરિ સંકિર્તનનો સંકલ્પ થાય, તો એ રીતે પણ રાગ દ્વેષ ઓછા થતાં જાય, જીવ નિંદા સ્તુતિ જેવા ઉપદ્રવી ભાવોથી અલિપ્ત રહી શકે! સમયની માંગ છે કે યેનકેન પ્રકારે મનુષ્ય એ પોતાના મૂળ સ્વભાવ તરફ પાછા ફરવું પડશે! નહીં તો દિવસે દિવસે આક્રમક થતી આપણી વૃત્તિઓ હિંસક પશુને પાછળ રાખી દેશે! અને એવું થવા જ લાગ્યું છે! પાલિતાણાની ઘટના એક હિંસક સિંહ માનવીને નુકશાન પહોંચાડ્યા વગર જતો રહ્યો! તો ભોગ છોડી દેવાનાં નથી પણ સમયે સમયે આ રીતે યોગ પણ કરી લઈએ, અને યોગ ની શક્તિને યોગીની બનાવી જીવન પંથ અજવાળી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# લદ્દાખના બરફથી લઈને રાજસ્થાનના રણ સુધી

## દુશ્મનના ટેન્ક અને બંકર મિનિટોમાં નાશ પામશે, સેના ઘાતક રોકેટ લોન્ચર ખરીદી રહી છે



નવીદિલ્હી, તા. ૯

ભારતીય સેના તેના પાયદળને વધુ આધુનિક બનાવવા તરફ એક મોટું પગલું ભરી રહી છે. સેનાએ ૪૫૦ કાર્લ ગુસ્તાફ માર્ક-ઈટ (84mm) હળવા વજનના રોકેટ લોન્ચર ખરીદવા માટે વિનંતી માટે દરખાસ્ત (RFP) જારી કરી છે. આ નવા લોન્ચર જૂની માર્ક-III સિસ્ટમનું સ્થાન લેશે. આ નવા માર્ક-ઈટ લોન્ચર હળવા, વધુ સચોટ અને વિશ્વસનીય હશે. તેમનું વજન ૭ કિલોગ્રામથી ઓછું હશે, જેનાથી તેઓ સરળતાથી પોર્ટેબલ બનશે. આ લોન્ચર્સની અસરકારક રેન્જ ૩૫૦ થી ૮૦૦ મીટર હશે. તેઓ -૨૦ ડિગ્રીથી +૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનમાં પણ કાર્ય કરવા સક્ષમ હશે. આનો અર્થ એ છે કે તેનો ઉપયોગ ક્અઈ પર લદ્દાખના ઊંચા બરફીલા શિખરોથી લઈને ક્જ્ઞઈ પર રાજસ્થાનના રણ સુધી, તમામ પ્રકારના ભૂપ્રદેશમાં થઈ શકે છે.

RFP અનુસાર, પસંદ કરેલી કંપનીને કરાર મળ્યાના ૧૨ મહિના (અથવા એક વર્ષ) ની અંદર સેનાને બધા લોન્ચર પહોંચાડવાની રહેશે. વધુમાં, કંપનીને ૧૫ વર્ષનો ટેકનિકલ સપોર્ટ અને ૨૪ મહિનાની વોરંટી આપવાની રહેશે. સરકારે આ ટેન્ડરમાં એ પણ સ્પષ્ટતા કરી છે કે ભારત સાથે જમીન સરહદ ધરાવતા દેશોની કંપનીઓ ભાગ લેવા માટે લાયક રહેશે નહીં. ભારતીય સેના દેશના વિવિધ પ્રદેશોમાં તૈનાત છે. તેથી, તે જરૂરી છે કે શસ્ત્ર બધી હવામાન પરિસ્થિતિઓમાં સારું પ્રદર્શન કરે. આ કારણોસર, RFP એ શરત લગાવે છે કે લોન્ચર -૨૦ ડિગ્રી સેલ્સિયસથી ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનમાં વિક્ષેપ વિના કાર્ય કરવા સક્ષમ હોવું જોઈએ. આનો અર્થ એ છે કે તેને બરફીલા હિમાલયથી લઈને રાજસ્થાનના સળગતા રણ સુધી ગમે ત્યાં તૈનાત કરી શકાય છે.

આ સિસ્ટમ ભારતીય સેનાની ટેન્ક વિરોધી અને બંકર-બસ્ટિંગ ક્ષમતાઓને મજબૂત બનાવશે અને સરહદ પર તૈનાત પાયદળ સૈનિકોની ફાયરપાવરમાં નોંધપાત્ર વધારો કરશે. એવું માનવામાં આવે છે કે આનાથી પાયદળ સૈનિકો માટે તેમના દુશ્મનોનો નાશ કરવાનું સરળ બનશે. વધુમાં, સરહદ સુરક્ષા મજબૂત થશે. ભારતીય સેના દેશના વિવિધ પ્રદેશોમાં તૈનાત છે. તેથી, તે જરૂરી છે કે શસ્ત્ર બધી હવામાન પરિસ્થિતિઓમાં સારું પ્રદર્શન કરે.

દિકરી બહુ ગુસ્સો કરતી હોઇ શાંત કરવા માટે માતા-પિતા પૂજારી પાસે લઇ ગયાઃ તેણે બધુ સરખું થઇ જશે, હું ઘરે આવી કામ કરી દઇશ કહીને હવસખોરી આચરી લીધી

# વિધીના નામે તરૂણી પર પૂજારીનો બળાત્કાર

## બીજી વાર વિધીમાં બોલાવાતાં બાળાએ હિમ્મત દાખવી મિત્રની મદદથી શૈતાનની કરતૂત મોબાઇલમાં કેદ કરી લીધીઃ પોલીસે દબોચીને પોક્સો હેઠળ કાર્યવાહી કરી હવસખોરી ઉતારી નાંખી

રાજકોટઃ તા.૯

રાજ્યમાં અવાર-નવાર અમુક લેભાગુ તત્વો કહેવાતા તાંત્રીકના સ્વાંગ રચીને વિકૃત હરકતો કરી લેતાં હોય છે. આવી જ ચોંકાવનારી એક ઘટના સામે આવી છે જેમાં એક હેવાતા પૂજારીએ ધાર્મિક વિધીના નામે સગીરા સાથે દુષ્કર્મ આચરી લીધુ હતું. આ પછી સગીરાને ફરી વખત વિધીમાં બોલાવાતાં તેણીએ હિમ્મત દાખવી મોબાઇલ ફોનમાં આ કહેવાતા પૂજારીની કરતૂત કેદ કરી લીધી હતી અને પોલીસને જાણ કરી હતી. પોલીસે તુર્ત કાર્યવાહી કરી આ હવસખોર પૂજારીને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરામાં એક સગીરાનો ગુસ્સો શાંત કરવા અને સ્વભાવ સુધારવા માટે માતા-પિતાએ ઘરે પૂજા-વિધિ માટે એક પૂજારીને બોલાવ્યો હતો. આ પૂજારી નરેન્દ્ર ભટ્ટે ધાર્મિક વિધિના બહાને અલગ રૂમમાં લઈ જઈ સગીરા પર દુષ્કૃત્ય આચર્યું હતું. પ્રથમ ઘટના બાદ ડરી ગયેલી સગીરાએ બીજી વખત હિંમત દાખવી હતી અને મિત્રની મદદથી મોબાઈલ કેમેરા ગોઠવી આખી કરતૂત વીડિયોમાં કેપ્ચર કરી લીધી હતી. આ મજબૂત પુરાવા સાથે સગીરાએ પોલીસનો સંપર્ક કરતા પોલીસે તાત્કાલિક આરોપી પૂજારી વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે. પોલીસે માતા-પિતાને બાળકો સાથે સંવાદ રાખવા અને દીકરીઓને અન્યાય સામે અવાજ ઉઠાવવા અપીલ કરી હતી.

આ સમગ્ર ઘટનાની વિગતો આપતાં ડીસીપી મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે પીડિતા તેના મિત્ર સાથે પોલીસ સ્ટેશને આવી હતી. તેણે પોલીસને આવીને જણાવ્યું કે, તેની સાથે આવું દુષ્કૃત્ય કરવામાં આવ્યું છે. આ બાબતે અમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને પોક્સો એક્ટની કલમો હેઠળ દાખલ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે આ દીકરી અવારનવાર ગુસ્સો કરતી અને ચીડાઈ જતી હતી.



તેથી તેના માતા-પિતાને લાગ્યું કે, કોઈ પૂજારી દ્વારા પૂજાવિધિ કરાવવામાં આવે, તો દીકરીનો ગુસ્સો શાંત થઈ જશે અને તેના સ્વભાવની સમસ્યાઓ દૂર થશે. આ હેતુથી માતા-પિતાએ જ પૂજારીને ઘરે આવીને વિધિ કરવા માટે કહ્યું હતું.પીડિતાના જણાવ્યા પ્રમાણે, આ પૂજારી તેના ઘરે બે વખત આવ્યો હતો. પહેલી વાર જ્યારે પૂજારી આવ્યો અને દુષ્કર્મ આચર્યું હતું, ત્યારે દીકરી ગભરાઈ ગઈ હતી. પૂજારી તેને ધમકી આપતો હતો, જેથી દીકરીને લાગ્યું કે જો તે માતા-પિતાને કહેશે તો માતા-પિતા તેને જ મારશે, પરંતુ બીજી વખત દીકરીએ તેના મિત્રની મદદ લીધી હતી.

તેણે કોઈ પણ રીતે મોબાઈલ કેમેરો ગોઠવીને આ આખી ઘટના વીડિયોમાં કેપ્ચર કરી લીધી હતી. ત્યારબાદ મિત્રની મદદથી તે અમારી પાસે આવી હતી અને અમે તરત જ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી લીધી હતી.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ કિસ્સો માતા-પિતા અને દીકરીઓ બંને માટે એક મોટો પાઠ છે. માતા-પિતાને પણ ખાસ કહેવાનું કે ખાસ કરીને ટીનએજ બાળકો સાથે એક હેલ્ધી કમ્યુનિકેશન રાખો. બાળકો પોતાની વાત તમને સંકોચ વિના કહી શકવા જોઈએ. આ કિસ્સામાં પણ દીકરી પહેલીવાર માતા-પિતાને કહેતા અચકાતી હતી, જેથી તેણે મિત્રની મદદ લેવી પડી હતી. જો માતા-પિતા બાળકોને સાંભળતા હોય, તો આવી ઘટનાઓ ન બને અથવા બને તો પણ શરૂઆતમાં જ અટકી જાય.

પોલીસ સુત્રોએ વધુમાં કહ્યું કે આ પૂજારી કોઈ નાનકડા મંદિર સાથે જોડાયેલો છે. દીકરીના પિતા તેને સીધી રીતે નહીં, પણ વાયા-વાયા થોડું ઘણું ઓળખતા હતા. પિતાને એવું હતું કે આ પૂજારીએ બીજા ઘણા લોકોના કામ કર્યા છે, તો તે તેમની દીકરીનો સ્વભાવ પણ શાંત કરી દેશે અને તેની ખામીઓ દૂર કરશે. આ અંધશ્રદ્ધા કે આંધળા વિશ્વાસના કારણે તેઓ પૂજારીને ઘરે બોલાવતા હતા, અને ઘરે આવ્યા પછી પૂજારી દીકરીને અલગ રૂમમાં લઈ જતો હતો. પરંતુ દીકરીએ આનો વિરોધ કર્યો અને પુરાવા એકઠા કર્યા હતા. આ ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી છે. કહેવાતા લેભાગુઓથી ચેતતા રહેવુ જરૂરી છે.

---

માવતરને સાચવવાની દરેક સંતાનની નેતિક ફરજ અને જવાબદારી હોયઃ પણ અહિ દિકરો દાનવ બન્યો

# પિતાની હત્યા બાદ પુત્રએ ઘડી આપઘાતની કહાની!

## પોલીસને કહ્યું-મારા પિતા માનસિક અસ્વસથ છે, તેણે જાતે જ માથામાં છરીના ઘા મારી લીધા છેઃ જો કે પોલીસ તપાસમાં કરતૂત ઉઘાડી પડીઃ ઘરમાં ગાળો બોલતાં હોઇ પતાવી દીધાનું ખુલ્યુંઃ હત્યારા દિકરાની ધરપકડ

રાજકોટઃ તા.૯

મા-બાપની સેવા કરવી તેને સાચવવા એ દરેક સંતાનની નેતિક જવાબદારી અને ફરજ પણ છે. પરંતુ અમુક વખત મા-બાપ બિમાર પડી જાય તો તેને સધીયારો આપવાને બદલે સંતાન તેની સાથે ક્રુરતા આચરતા હોય છે, ત્રાસ ગુજારતા હોય છે. અનેક એવા કળીયુગી શ્રવણોના કરતૂતો બહાર આવતાં રહે છે. દરમિયાન એક કિસ્સામાં એક ઘરમાં ગાળો બોલતા પિતાને દિકરાએ જે પતાવી દીધાની ચોંકાવનારી ઘટના બની છે. હત્યા કર્યા બાદ પુત્રએ એવી સ્ટોરી ઘડી હતી કે મારા પિતા પાગલ છે અને તેમણે જાતે જ પોતાના માથામાં છરીના ઘા મારી આપઘાત કરી લીધો છે. પરંતુ પોલીસ તપાસમાં દિકરાના આ કૃત્યનો ભાંડો ફુટી ગયો હતો અને પોલીસે હત્યાનો ગુનો નોંધી તેને પકડી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતના સિંગણપોર-ડભોલી વિસ્તારમાં બની હતી.




પિતાની કરપીણ હત્યા કરી તેને આપઘાતનું રૂપ આપવાનો સગા પુત્રનો કારસો પોલીસે નિષ્ફળ બનાવ્યો છે. ઘરમાં અવારનવાર ગાળો બોલી ઝઘડો કરતા પંચાવન વર્ષીય પિતાની તેના જ અઠ્ઠાવીસ વર્ષીય પુત્રએ ચપ્પુના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. આ ચકચારી કેસમાં સિંગણપોર ડભોલી પોલીસે ડાણપૂર્વક તપાસ કરીને ગણતરીના કલાકોમાં જ હત્યારા પુત્રને દબોચી લઈ તેની વિધિસર ધરપકડ કરી લીધ હતી. પોલીસે જણાવ્યું કે મૃતકના અન્ય પુત્ર યોગેશભાઈ રાઠોડે પોલીસમાં એવી જાહેરાત આપી હતી કે તેના પિતા રાજેશભાઈ ગાંડાભાઈ રાઠોડ જેઓ પંચાવન વર્ષના છે અને માનસિક રીતે અસ્થિર છે.

તેમણે રાત્રે ઘરના શાકભાજી સુધારવાના ચપ્પુ વડે પોતાની જાતે જ ગળા અને માથાના ભાગે ઘા મારી આપઘાતનો પ્રયાસ કર્યો છે. પણ હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ પિતાનું મોત થતાં પોલીસે શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.અકસ્માત મોતની તપાસ દરમિયાન પોલીસને મરણ જનાર રાજેશભાઈની શારીરિક પરિસ્થિતિ અને તેમના શરીર પર લાગેલા ચપ્પુના ઘા જોઈને શંકા ગઈ હતી. નાયબ પોલીસ કમિશનર અને ડીસીપીના માર્ગદર્શન હેઠળ પોલીસે આજુબાજુના લોકોની ખાનગીમાં પૂછપરછ શરૂ કરી હતી.

ત્યારબાદ બનાવ સમયે ઘરમાં હાજર તમામ સભ્યોની વારાફરતી યુક્તિ-પ્રયુક્તિથી પૂછપરછ કરતા જ મૃતકના અઠ્ઠાવીસ વર્ષીય પુત્ર સુભાષ ઉર્ફે ટુન્નો રાઠોડ ભાંગી પડ્યો હતો અને પિતાની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે મૃતક રાજેશભાઈ ઘરમાં અવારનવાર ઝઘડા અને ગાળાગાળી કરતા હતા. ઘટનાની રાત્રે પણ ઘરમાં ગાળાગાળી થતાં પુત્ર સુભાષ ઉશ્કેરાઈ ગયો હતો અને પિતા સાથે મારામારી કરીને ચપ્પુ વડે શરીરના અલગ-અલગ ભાગે ઘા ઝીંકી દીધા હતા. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલા સગા કાકા બળવંતભાઈને પણ ડાબા હાથમાં ચપ્પુ વાગતા નવ ટાંકા આવ્યા હતા.

આખરે કાકા બળવંતભાઈની ફરિયાદના આધારે સિંગણપોર પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. સિંગણપોર ડભોલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને પુત્ર સુભાષ ઉર્ફે ટુન્નો રાજેશભાઈ રાઠોડની વિધિસર ધરપકડ કરી હતી. પોલીસ રેકોર્ડ અનુસાર, પિતાનો હત્યારો સુભાષ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને વર્ષ અગાઉચોકબજાર પોલીસ સ્ટેશનમાં પણ તેની સામે મારામારીનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. આ સમગ્ર ભેદ ઉકેલવામાં પીએસઆઈ ડી.બી. કામળીયા અને તેમની ટીમ સફળ રહી હતી. જ્યારે આગળની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એમ. ચૌધરી ચલાવી રહ્યા હતાં.

---

જૂગાર રસિકો ઠેકઠેકાણે ફિલ્ડ માંડવા માંડ્યાઃ ઘરમાં, જાહેરમાં ગમે પત્તાબાજી

# પાંચ સ્થળે પત્તાપ્રેમીઓની રંગત બગાડતી પોલીસઃ ૨૮ પકડાયા

## તાલુકા પોલીસ, આજીડેમ પોલીસ, ડીસીબી, એ-ડિવીઝન અને યુનિવર્સિટી પોલીસના દરોડા

રાજકોટઃ તા.૯

રંગીલા મોજીલા શહેર રાજકોટમાં શ્રાવણ મહિનો નજીક આવતાં જ જૂગારના શોખીનો ફિલ્ડ માંડતા થઇ ગયા છે. પોલીસ પણ સક્રિય બનીને ઠેકઠેકાણે દરોડા પાડવા માંડી છે. વધુ પાંચ અલગ અલગ સ્થળોએ અલગ અલગ પોલીસની ટીમોએ દરોડા પાડી પત્તાપ્રેમીઓના રંગમાં ભંગ પાડી દીધો હતો. અઠ્ઠાવીસ પત્તાપ્રેમીઓને પોલીસે પકડી લીધા હતાં.વિગતો પર નજર કરીએ તો રાજકોટના ત્રંબા નજીકના વડાળી ગામે આજીડેમ પોલીસે દરોડો પાડી ગોપાલ માનસિંગભાઈ ઝરિયા (રહે. બાબરીયા સોસાયટી શેરી નંબર-૨), સતીષ જોરૂસગ કારેલીયા (રહે-શક્તિનગર શેરી નં-૪, મવડી ચોકડી), રવિ શિવલાલ ઝરિયા (રહે-વિજય પ્લોટ શેરી નં-૧૫), બાબુ અમૃતલાલ ઝરિયા (રહે-યોગેશ્વર સોસાયટી, ગોંડલ રોડ), પ્રવિણ પરસોતમભાઈ ઝરિયા (રહે-લોધેશ્વર સોસાયટી), ચિરાગ અરવિંદભાઈ જરિયા (રહે-લોધેશ્વર શેરી નં-૧), કાળુભાઈ છોટુભાઈ ભરદુવાર (રહે-લોધેશ્વર શેરી નં-૬)ને ઝડપી લઇ રોકડ ૧૪,૧૫૦ની મત્તા કબ્જે કરી હતી.જ્યારે ડીસીબી પોલીસની ટીમે મોરબી રોડ પર વેલનાથ પરામાં જૂગાર રમાતો હોવાની બાતમી પરથી એક મકાનમાં ડીસીબીની ટીમ ત્રાટકી હતી. અહિથી પોલીસે મકાન માલિક ઉમેશ ધનજીભાઈ વિંઝવાડિયા( રહે-વેલનાથપરા શેરી નં-૨૦) તેમજ પરેશ રામભાઈ બોરીચા (રહે-ખોડિયાર માતાજી મંદિર પાસે, હડમતીયા), ગૌરાંગ અરવિંદભાઈ ગોસ્વામી (રહે-ભગવતીપરા શેરી-૧૧), પ્રતીક જસાભાઈ ચૌહાણ (રહે-વેલનાથપરા શેરી નં-૧૮), આસિફ બાબુભાઈ લંઘા (રહે-નવયુગપરા શેરી નં-૪), સુનિલ ભાનુભાઈ કુંઢીયા (રહે-ભગવતીપરા શેરી નં-૯)ને ઝડપી લઈ રોકડ ૩૪,૧૦૦ની મત્તા કબ્જે કરી હતી.તો ત્રીજા દરોડામાં એ-ડિવિઝન પોલીસ કેનાલ રોડના ખુણે અમીધારા બિલ્ડીંગની નીચે જાહેરમાં જુગાર રમી રહેલાં હિતેશ ગોરધનભાઈ લાડવા (રહે-કોઠારીયા સોલવન્ટ હરિદ્વાર સોસાયટી), દિપક મનજીભાઈ નકુમ (રહે. લક્ષ્મીવાડી શેરી નં-૨), દિનેશ શાંતિલાલ માખેચા (રહે. સોમનાથ પાર્ક શેરી નં-૫, રણુજા મંદિર પાસે)ને પકડી રૂા. ૧૬૨૦ની રોકડ કબ્જે કરી હતી.ચોથા દરોડામા યુનિવર્સીટી પોલીસે રૈયાધાર મફતિયાપરામાં દરોડો પાડી જાહેરમાં પત્તા ટીચી રહેલા રાજુ ધીરૂભાઈ વઢવાણિયા, પંકજ ચંદુભાઈ મકવાણા, નીતિન અતુલભાઈ મકવાણા, મહાવીર અશ્વિનભાઈ મકવાણા, વિક્રમ મફાભાઈ વાંજેલીયા, બટુક ધરમશીભાઈ પરમાર (રહે-તમામ રૈયાધાર)ને ઝડપી લઇ રોકડ ૧૧,૪૦૦ની રોકડ કબ્જે કરી હતી. તેમજ પાંચમા દરોડામાં તાલુકા પોલીસ મથકના સ્ટાફે ગૌતમબુદ્ધ નગર શેરી નં-૭માં જાહેરમાં તીનપતી રમવા બેઠેલા અમિત કેશુભાઈ મુછડીયા, મનસુખ માવજીભાઈ મકવાણા, પરેશ મોહનભાઈ રાઠોડ, હર્ષદ નટુભાઈ રાઠોડ, પ્રકાશ પાલાભાઇ રાઠોડ (રહે-તમામ ગૌતમ બુધ્ધનગર)ને પકડી પાડી રોકડ ૨૬૦૦ની રોકડ કબ્જે કરી હતી. આમ કુલ પાંચ સ્થળે જૂગાર રમતાં અઠ્ઠાવીસ પત્તાપ્રેમીઓને પકડી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

---

સોશિયલ મિડીયા-ઇન્ટરનેટની ચપેટમાં આવી કુમળી વયના બાળકો વળી જાય છે અવળે રસ્તે

# સગીરે ત્રણ બાળાના કપડા ઉતારી કર્યા ચાળા

## બાળાઓ રડવા માંડતી ધમકી દીધીઃ સંતાકુકડી રમવાના બહાને રૂમમાં લઇ ગયો હતોઃ બાળકીઓના વાલીઓ ઠપકો દેવા જતાં સગીર અને તેના ભાઇએ આપી ધમકીઃ પોલીસે કરી કાર્યવાહીઃ અન્ય ઘટનામાં યુવતિ સામે સીટી વગાડી છેડતી, તેના પિતા-ભાઇ પર હુમલો

રાજકોટઃ તા.૯

હાલના સમયમાં ઇન્ટરનેટ સોશિયલ મિડીયાના આડેધડ અને ભરપુર ઉપયોગના સારા પરિણામો છે તો સાથે સાથે માઠા અને નુકસાનકારક પરિણામો પણ સામે આવતાં રહે છે. હાલના સમયમાં સોશિયલ મિડીયનો ઉપયોગ માત્ર યુવાનો, વડીલો જ નહિ સગીર કુમળી વયના છોકરા છોકરીઓ પણ કરતાં હોય છે. આમાંથી ઘણીવાર ન શીખવાનું ન જોવાનું પણ જોઇ લેતાં સગીરો વિકૃતીના ભરડામાં આવી જઇ ઘણીવાર ગુનાહીત કૃત્યુ આચરી લેતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી જેમાં એક સગીરે એક નહિ ત્રણ ત્રણ સગીરાઓની સાથે અડપલા કરી લીધા હતાં. માતા-પિતા સામે લાલબત્તી સમાન આ કિસ્સામાં જ્યારે બાળાઓના વાલીઓ આ સગીરને ઠપકો આપવા ગયા ત્યારે પણ તે લાજવાને બદલે ગાજ્યો હતો અને ધાકધમકી આપવા માંડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ કિસ્સો અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં બન્યો છે.અ હિ લેટમાં ગેલેરીમાં રમી રહેલી ત્રણ બાળકીઓ સાથે પાડોશમાં જ રહેતા સગીરે અડપલાં કર્યાનો કિસ્સો -કાશમાં આવ્યો છે. પરિવારજનોને જ્યારે આ બાબતે જાણ થઈ અને સગીરને ઠપકો આપવા ગયા ત્યારે તેના પરિવારજનોએ જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે કહ્યું કે વેજલપુરમાં રહેતી ત્રીસ વર્ષીય મહિલાએ ફરિયાદ નોંધાવી છે કે મહિલાને સંતાનમાં બે દીકરીઓ જેમાં એક ઉંમર આઠ અને છવર્ષની અને એક ત્રણ વર્ષનો દીકરો છે. તાજેતરમાં રાત્રે ફરિયાદી મહિલાની બંને દીકરીઓ સામે રહેતા એક પાડોશીના ઘરે રમવા ગઈ હતી. ત્યાં પાડોશીના દીકરાએ મકાનની લાઈનમાં જ રહેતા સગીરના વખાણ કર્યા હતા. આ સાંભળીને બાળકીઓએ તરત જ વિરોધ કરતા કહ્યું કે, તે છોકરો સારો નથી અને તેણે તેમની સાથે ખરાબ વર્તન કર્યું છે.પાડોશી મહિલાએ આ વાત ફરિયાદી માતાને જણાવતા, માતાએ પોતાની દીકરીઓને પ્રમથી અને વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી હતી. કોઈ ડરના કારણે પહેલા ચૂપ રહેલી આઠ વર્ષની મોટી દીકરીએ આખરે માતા સામે સમગ્ર ઘટના કહી હતી.માસુમ દીકરીએ માતાને જણાવ્યું



કે, રાત્રે આશરે સાડા આઠ વાગ્યે તે તેની નાની બહેન અને પાડોશમાં રહેતી નવ વર્ષની મિત્ર લેટની ગેલેરીમાં રમતા હતા. ત્યારે સામે રહેતા સગીરે તેમને ઈશારો કરી બોલાવ્યા અને પોતાના ઘરમાં સંતાકૂકડી રમવાની લાલચ આપી અંદર લઈ ગયો. ત્યાં સગીરે ત્રણેય માસૂમ બાળકીઓના કપડાં ઉતારી તેમની સાથે શારીરિક અડપલા કર્યા હતા. જ્યારે બાળકીઓએ બૂમાબૂમ કરી વિરોધ કર્યો, ત્યારે સગીરે બળજબરી કરી તેમને આ વાત કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાળકીએ એમ પણ જણાવ્યું કે એક મહિના પહેલાં પણ સગીરે આવું જ કૃત્ય કર્યું હતું અને માતા-પિતાને મારી નાખવાની ધમકી આપી હતી. બાળકીની માતાએ પોતાના પતિને જાણ કરી હતી અને ત્યારબાદ તેઓએ ભોગ બનનાર ત્રીજી બાળકીની માતાને પણ આખી ઘટના જણાવી હતી. બીજા દિવસે સવારે જ્યારે આ ત્રણેય લોકો સગીરા ઘરે તેને અને તેના માતા-પિતાને ઠપકો આપવા ગયા, ત્યારે સગીરે યોગ્ય જવાબો આપવાને બદલે ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો હતો.આ સમયે સગીરનો ભાઈ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને પીડિત પરિવારને બીભત્સ ગાળો ભાંડી, અહીંથી જતા રહો નહીંતર જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી ઝઘડો કરવા લાગ્યો હતો. મામલો બિચકતા ફરિયાદીના પતિએ પોલીસ કંટ્રોલમાં ફોન કર્યો હતો.વેજલપુર પોલીસે સગીર અને તેના ભાઈ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. આમ વિકૃતતા માત્ર યુવાનો, ઢગાઓ જ આચરે એવુ નથી સગીરો પણ ઘણીવાર આવા ગુના આચરી બેસતા હોય છે. માસુમ બાળકીઓને એકલી રમવા મોકલતાં વાલીઓ માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. બિભત્સ અડપલા કરનારા સગીરના વાલીઓ પણ પોતાના દિકરાની કરતૂત જાણી ચોંકી ગયા હતાં. હાલ પોલીસે આ કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી કરી હતી. અન્ય એક ઘટનામાં અમદાવાદ બહેરામપુરામાં આડત્રીસ વર્ષીય મહિલા સફાઇ કામદારની બિભત્સ છેડતી કરાઇ હતી. માથે જતાં તેના પિતા-ભાઇ પર હુમલો કરાયો હતો. મહિલા તેના ભાઇનો જન્મદિવસ હોવાથી પરિવાર સાથે તેઓ ફિલ્મ જોઇને તેઓ રિક્ષામાં ઘરે જતા હતા. ત્યારે રિક્ષાચાલકે તમામને અમૃતનગર સોસાયટીના નાકે ઉતાર્યા હતા. ત્યાંથી મહિલા સહિત પરિવારજનો ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે શીવલાલ ખ્રિસ્તીની ચાલી પાસે પહોચ્યા તે સમયે જતીન પરમાર નામના શખ્સે મહિલાને જોઇને સિટી વગાડીને બિભત્સ માંગણી કરી છેડતી કરી હતી. જેથી મહિલાના ભાઇએ શખ્સને કેમ આવુ કરે છે કહેતા શખ્સે ઉશ્કેરાઇને ચપ્પુ વડે હુમલો કરવા ગયો. પરંતુ મહિલાના ભાઇએ ચપ્પુ પકડીને ચપ્પુ ફેંકી દીધુ હતુ. જેથી જતીન મહિલાના ભાઇને પથ્થર મારવા લાગ્યો હતો. આ દરમ્યાન મહિલાના વૃધ્ધ પિતા ત્યાં આવતા જતીને તેમેન સિમેન્ટનો બ્લોક કપાળમાં મારી દેતા લોહિલુહાણ થઈ ગયા હતા. વૃદ્ધને ગંભીર ઈજા થયેલી જોઈને જતીન ત્યાંથી નાસી ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત વૃધ્ધને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ અંગે મહિલાએ જતીન પરમાર સામે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં છેડતીની ફરિયાદ નોધાવી હતી.

સદ્દગુરૂનગરની યુવતિએ પોતે જેનું વર્ક ફ્રોમ હોમ કરતી તે સ્લેડીંગ હોલીડેના સંચાલક પર ભરોસો મુકી નાણા ટ્રાન્સફર કરાવ્યા અને ફ્રોડ થઇ ગયું

# સિંગાપોર જવા ઈચ્છુક ૪૦ લોકોને ૭ાા લાખનો ચૂનો

## કંપની તરફથી સારુ કામ કર્યુ હોઇ તેવા લોકોને સિંગાપોર ટૂરમાં જવાનું હતુંઃ સુત્રાપાડા-અમદાવાદના શખ્સોએ સસ્તામાં એર ટિકીટ, વિઝા કરાવી આપવાના નામે ખેલ પાડ્યોઃ યુનિવર્સિટી પોલીસમાં દાખલ થયો ગુનો

રાજકોટઃ તા.૯

ગઠીયાગીરી કરનારાઓ ગમે ત્યાં બેઠા બેઠા ગામના ગરીયા ફેરવી નાંખતા હોય છે. આવી જ વધુ એક ઠગાઇ રાજકોટમાં થઇ છે. જેમાં સુત્રાપાડા અને અમદાવાદના બે શખ્સોએ પોતાની કહેવાતી હોલીડે કંપનીના નામે રાજકોટના એક યુવતિ સહિત ચાલીસ લોકોને સિંગાપોર ટૂર માટે એર ટિકીટ અને વિઝા ઓછા ભાવથી કરી આપવાના નામે ઓનલાઇન સાડા સાત લાખથી વધુ રૂપિયા મેળવી લીધા બાદ પ્રવાસની તારીખના બરાબર આગલા દિવસે જ ફોન કરીને હવે તમારા વિઝા રીજેક્ટ થઇ ગયા છે તેમ કહી દઇ રૂપિયા પાછા ન આપતાં બંને સામે છેતરપીંડીનો ગુનો દાખલ કરાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૂડા-૨ની સામે સદ્દગુરૂનગર-૨માં રહેતાં ચોવીસ વર્ષના ક્રિષ્નાબેન ભીમશીભાઇ રાવલીયાની ફરિયાદ પરથી ગીર સોમનાથના સુત્રાપાડા ગામે કુંભારવાડામાં એસઆરકે સ્કૂલ પાસે રહેતાં અજય જગદીશભાઇ દેવળીયા અને અમદાવાદ વટકાના ઇન્દિરાનગર-૨માં રહેતાં દીપ રમેશભાઇ માલવીયા વિરૂધ્ધ ઠગાઇ કરવા મામલે એફઆઇઆર દાખલ કરી હતી. ક્રિષ્નાબેન માતા-પિતા સાથે રહે છે. અગાઉ તેણે વર્ષ ૨૦૨૫માં સ્લેડીંગ હોલીડે પ્રાઇવેટ લિમીટેડમાં વર્ક ફ્રોમ હોમમાં છ મહિના નોકરી કરી હતી. હાલ નોકરી કરતાં નથી. ફરિયાદમાં જણાવાયા મુજબ ક્રિષ્નાબેન ઇન્સ્ટાગ્રામ વાપરતાં હોઇ ૨૦૨૫માં સુત્રાપાડાના અજય દેવળીયાની સ્લેડીંગ હોલીડે પ્રા.લિ. કંપનીનો સંપર્ક થયો હતો.

તે ભારત તેમજ વિદેશ મુકામે ટ્રાવેલ્સ, એર ટિકીટ, હોટેલ બૂકીંગ અને વિઝાનું કામ કરતાં હોઇ તેને રાજકોટ ખાતે ટેલીકોલિંગ માટે રસ ધરાવતાં યુવક-યુવતિની જરૂર હોઇ જેથી તેણીએ મેસેજથી સંપર્ક કરતાં તેને રાજકોટમાં ટેલીકોલિંગની નોકરીની ઓફર અજયએ કરી હતી. તેમજ મહિને ૬ હજાર પગાર નક્કી થયો હતો. જો કે ક્રિષ્નાબેન રૂબરૂમાં કદી પણ અજય દેવળીયાને મળ્યા નહોતાં. તેણે ટેલીકોલિંગ માટે કંપની તરફથી જીઓ કંપનીનું સીમકાર્ડ કુરીયરથી મોકલ્યું હતું. બાદમાં તેની સુચના મુજબ તેણી ઘરે બેઠા કામ કરતી હતી. ફરિયાદની વધુ વિગતો મુજબ ક્રિષ્નાબેનના માતા ટમુબેન ભીમશીભાઇ રાવલીયા રાજકોટમાં 'કાયા પલટ' નામની બ્યુટી પ્રોડક્ટ્સ બનાવતી કંપનીમાં સુપર સ્ટોકિસ્ટ તરીકે કામ કરે છે.

આ કંપનીના ફાઉન્ડર અંજુબેન પાડલીયા દ્વારા કંપની વતી સારો સેલ્સ ટાર્ગેટ પુરો કરનાર સુપર સ્ટોકિસ્ટો અને કર્મચારીઓ સહિત કુલ ૮૦ લોકોને કંપનીના ખર્ચે સિંગાપોર પ્રવાસે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એરપોર્ટ પિક-અપ, ડ્રોપિંગ અને અન્ય ખર્ચ કંપની ભોગવવાની હતી. જ્યારે આવવા-




જવાની એર ટિકિટ અને વિઝાનો ખર્ચ જે-તે વ્યક્તિએ પોતે ભોગવવાનો હતો. કંપનીના સભ્યો પ્રવાસે જવાના હોવાની અને એ સભ્યોમાં ક્રિષ્નાબેનના માતુશ્રીની પણ પસંદગી થઇ હોઇ તેની જાણ થતાં ક્રિષ્નાબેને અજય દેવળીયાને વાત કરી હતી. કંપનીએ નક્કી કરેલા એજન્ટો વ્યક્તિદીઠ ટિકિટના ૨૪,૫૦૦ કહેતા હતા, જ્યારે અજય દેવળીયાએ સિંગાપોર ટૂરની એર ટિકિટના માત્ર રૂા.૧૭,૮૫૦ અને વિઝા ખર્ચના ૩,૬૦૦ થઈને કુલ રૂા. ૨૧,૪૫૦ માં કામ પતાવી આપવાનો વાયદો કર્યો હતો.

ઓછી કિંમતમાં કામ થતું હોવાથી ક્રિષ્નાબેનના માતાએ આ ફાયદાની વાત કંપનીના ફાઉન્ડર અંજુબેનને કરી હતી. જેથી કુલ ૮૦ માંથી ૪૦ વ્યક્તિઓએ પોતાના અસલી પાસપોર્ટ સુરત રહેતાં સગા દેવાભાઈ કડોરીયાના બસ ડ્રાઈવર મારફતે અજય દેવળીયાને મોકલી આપ્યા હતા. આ પછી ૪૦ વ્યક્તિઓના વિઝા અને એર ટિકિટ પેટે નક્કી થયેલી કુલ રકમ રૂા. ૭,૫૯,૩૫૦ મેળવવા માટે અજય દેવળીયાએ અલગ-અલગ વ્યક્તિઓના બેંક એકાઉન્ટ નંબરો આપ્યા હતા. ફરિયાદી અને અન્યોએ વિશ્વાસ રાખીને અજયએ જણાવ્યા મુજબના ખાતાઓમાં ઓનલાઈન અને ફોન-પે મારફતે રકમ ટ્રાન્સફર કરી હતી. જેમાં દીપકભાઈ રમેશભાઈ માલવીયા (રહે. વટવા, અમદાવાદ)ના ફેડરલ બેંક ખાતામાં કુલ ૧,૫૨,૪૦૦, સિદ્ધાર્થ પિનાકીનભાઈ બારોટ વેજલપુર અમદાવાદના આઇસીઆઇસીઆઇના બેંક ખાતામાં જમા કરાવાયા હતાં.

ત્યારે લિમિટના ઈશ્યુના બહાના હેઠળ ક્રિષ્નાબેન, ભીમશીભાઈ, અંજનાબેન પટેલ, અરૂણાબેન પચ્ચીગર, પુષ્પાબેન પટોડીયા સહિતના લોકો પાસેથી કુલ ૫,૧૧,૧૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. નક્કી થયા મુજબ તમામ ૪૦ લોકોની ટ્રાવેલ તારીખ ૨૮ માર્ચ-૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી. અજય દેવળીયા સહિતના વારંવાર ટિકિટો અને વિઝા સમયસર પહોંચાડી દેવાનો વિશ્વાસ આપતી હતી. પરંતુ પ્રવાસના બરાબર એક દિવસ અગાઉ એટલે કે ૨૭ માર્ચ ૨૦૨૬ના રોજ અજયે ક્રિષ્નાબેનને ફોન કરીને જણાવ્યું હતું કે-તમારા વિઝા નામંજુર-રીજેક્ટ થઈ ગયા છે. જ્યારે ક્રિષ્નાબેન અને કંપનીના હોદ્દેદારોએ વિઝા નામંજૂર થયા અંગેના એમ્બેસીના સત્તાવાર લેટર કે મેઈલની માંગણી કરી ત્યારે અજય દેવળીયા ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો અને કોઈ યોગ્ય ખુલાસો આપી શક્યો નહોતો.

પ્રવાસની તમામ તૈયારી કરી ચુકેલા લોકોને જ્યારે સિંગાપોર જવાના આગલા દિવસે વિઝા રીજેક્ટનો આંચકો અપાયો ત્યારે તેઓની ખુશી ચકનાચુર થઇ ગઇ હતી. ભોગ બનનારાઓએ પોતાની રકમ રીફંડ આપવા અથવા ટૂર પાછળ ઠેલવા દબાણ કરતા આ ભેજાબાજોએ ટૂંક સમયમાં પૈસા પાછા આપી દેવાની ખોટી ખાતરી આપી હતી. પરંતુ ત્યાર બાદ આજ દિન સુધી ન તો એર ટિકિટ આપી ન વિઝા આપ્યા કે ન તો રકમ પરત કરી. અંતે આ ત્રણેય આરોપીઓએ પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી નાખી ભોગ બનનાર તમામ લોકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. યુનિવર્સિટી પોલીસ મથકના એએસઆઇ એચ. જે. જોગડાએ અજય દેવળીયા, દીપ માલવીયા અને તપાસમાં ખુલે તેના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# ઈલેક્ટ્રિક દૂકાનમાં ઘુસી મહિલાએ ચોર્યા કેબલ

## રીનોવેશન વખતે બનાવઃ તસ્કરણી સીસીટીવીમાં કેદ થતાં દુકાનદારે માલવીયાનગર પોલીસમાં જાણ કરી

રાજકોટઃ તા.૯

ચોરીની ઘટના બને એટલે એમાં ચોર કોઇ પુરૂષ જ હોય તેવું નથી, અમુક મહિલાઓ પણ તક મળે ત્યાર ઘા કરી લેતી હોય છે.. આવા જ એક બનાવમાં શહેરના ઇન્દ્રપ્રસ્થ શેરી નં. ૮ ખાતે આવેલી એક કાપડની દુકાનના ઉપરના માળેથી તસ્કર મહિલા ઇલેક્ટ્રિક સરસામાન અને કેબલોની ચોરી કરી ગઈ હોવાનો બનાવ પોલીસ ચોપડે ચડ્યો હતો.

વિગતો જોઇએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે સહકારનગર મેઇન રોડ હસનવાડી-૩માં રહેતાં સત્યાવીસવર્ષના શુભમભાઇ શૈલેષભાઇ લાડવાની ફરિયાદ પરથી અજાણી મહિલા સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદની વિગત મુજબ શુભમભાઇ લાડવા મવડી વિસ્તારમાં ઇન્દ્રપ્રસ્થ શેરી નં.૮ ખાતે વોક્સ ફેશન કલબ નામની કપડાંની દુકાન ચલાવે છે. શુભમભાઇને પોતાની દુકાનની ઉપરના માળે કોમ્પ્યુટર ક્લાસનો નવો બિઝનેસ શરૂ કરવા માંગતા હોવાથી, ત્યાં છેલ્લા કેટલાક સમયથી ફર્નિચરનું કામકાજ તેમજ ઇન્ટરનેટ માટેના લેન કેબલ અને ઇલેક્ટ્રિક ફિટિંગનું કામ ચાલી રહ્યું હતું.



દરમિયન ગત તારીખ પંદરમીના રોજ સવારના આશરે નવેક વાગ્યે તે પોતાના ઘરે હતા, ત્યારે તેમની દુકાનની ઉપરના માળે મિસ્ત્રીકામ કરતા કારીગર રાજનભાઈનો ફોન આવ્યો હતો. રાજનભાઈએ જણાવ્યું કે-દુકાનમાં લગાડેલા વાયર દેખાતા નથી, એટલે કદાચ દુકાનમાં ચોરી થઈ હોય એવું લાગે છે. આ સાંભળી શુભમભાઈ તુરંત જ પોતાની દુકાને દોડી ગયા હતા. તેમણે ઉપરના માળે જઈને તપાસ કરતા ત્યાં ફિટ કરેલા ઇલેક્ટ્રિક વાયર તેમજ ઇન્ટરનેટ માટેના લેન કેબલ ગાયબ હતા. વધુ તપાસ કરતા સીડીની બાજુમાં આવેલી બારીમાં લગાવેલું લાકડાનું આડશ તૂટેલા જોવા મળ્યા હતાં.

જેથી તસ્કરે ત્યાંથી જ અંદર પ્રવેશ કર્યાનું જણાયું હતું. સીસીટીવી કેમેરા ચેક કરતાં એક મહિલા રાતે બેથી સવારના સાડા પાંચ દરમિયાન આ ચોરી કરી ગયાનું જણાયું હતું. મહિલા આર. આર. ૧.૦૦ એમ.એમ. વાયરેં આશરે ૫૦૦ મીટર અંદાજિત કિંમત ૩૦,૦૦૦, આર.આર. ૨.૫૦ એમ.એમ. વાયર આશરે ૯૦૦ મીટર અંદાજિત કિંમત ૪૦,૦૦૦, ડીલીંક કેટ ૬ વાયર લેન કેબલ આશરે ૧૮૦૦ મીટર અંદાજિત કિંમત ૨૮,૦૦૦નો મળી કુલ ૯૮ હજારનો કેબલ ચોરી ગયાનું જણાતાં ઘરમેળે શોધખોળ કર્યા બાદ માલવીયાનગર પોલીસને જાણ કરતાં પીએસઆઇ એ. એ. બ્લોચ અને ટીમે મહિલાને શોધવા તજવીજ હાથ ધરી હતી.

# બાકાઝીકીના બે બનાવઃ હરિહર ચોકમાં યુવાનને કાકાના દિકરાએ છરી ભોંકી

## વચ્ચે પડેલા ભાઇને પણ ઇજાઃ વિશ્વકર્મા સોસાયટીમાં લીંબુ મામલે દંપતિ પર પાડોશીઓની ધોકાવાળી

રાજકોટઃ તા.૯

મારામારીના બે બનાવ સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં ધ્રોલથી રાજકોટ આવેલા યુવાન પર કાકાના દિકરાએ છરીથી હુમલો કર્યો હતો. બીજા બનાવમાં દંપતિ પર પાડોશીઓએ ધોકાવાળી કરી હતી.

વિગતો જોઇએ તો હરિહર ચોકમાં દાતારબાપુના તકીયા નજીક રહેતાં માતા-પિતાના ઘરે ધ્રોલથી આવેલા ઇરશાદ ઇમરાનભાઇ શાહમદાર નામના બાવીસ વર્ષના યુવાન પર તેના કાકાના દિકરા શકીલ યાસીનભાઇ શાહમદાર અને અજાણ્યાએ છરી-ધોકાથી હુમલો કરતાં પેટમાં છરી લાગી જતાં ગંભીર ઇજા થઇ હતી. તેને બચાવવા માટે તેનો ભાઇ નશરફ ઇમરાનભાઇ શાહમદારવચ્ચે પડતાં તેને પણ મારકુટ થઇ હતી. ઇરશાદ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે અને સંતાનમાં એક દિકરી છે. પોતે ધ્રોલ રહે છે અને અહિ માતા-પિતાના ઘરે દિકરીની દવા લેવા માટે આવ્યો હતો. કાકાના દિકરા શકિલને તેણે છેતાલીસ હજારનો મોબાઇલ લોનથી લઇ દીધો હોઇ તેણે બે હપ્તા ભરી મોબાઇલ પાછો આપી



દીધો હતો. આ બાબતે ઇરશાદે પોલીસમાં અરજી કરી હોઇ તે બબાતનો ખાર રાખી હુમલો કરાયો હતો. બનાવ અંગે એ-ડિવીઝન પોલીસે તપાસ હાથ ધરી હતી.

જયારે બીજા બનાવમાં ગોંડલ રોડ પુનિતનગર પાસે વિશ્વકર્મા સોસાયટી-૧૧માં રહેતાં ત્રેવીસ વર્ષના મનોજ વલ્લભભાઇ ચુડાસમા અન તેના પત્નિ એકવીસ વર્ષની ખુશીબેન મનોજ ચુડાસમાને પાડોશીમાં રહેતાં ત્રણ શખ્સોએ ઝઘડો કરી ધોકાથી માર મારતાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. મનોજ હીરા ઘસવાની મજુરી કરે છે. તેણે જણાવ્યું હતું કે હું અને મારો સાળો કુલદીપ કારખાને કામ કરવા જતાં હતાં ત્યારે કુલદીપે બાજુમાં રહેતાં ભાભીને તમે મારા માતાને લીંબુ આપી દેજો તેમ કહ્યું હોઇ આ બાબતનો ખાર રાખી પાડોશીઓએ ઝઘડો કરી હુમલો કર્યો હતો. જેમાં પોતાને બચાવવા પત્નિ ખુશી વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

નાણા માટે કોઇ માથાકુટ કરી નાંખે, તો કોઇ કારી નાંખે ગઠીયાગીરી

# રોકાણ પર વળતર ન મળતાં મેનેજરને ધમકી

## બીજી ઘટનામાં કેનેડાના વર્ક પરમીટ વિઝાના નામે સાડા પાંચ લાખનું ફ્રોડ

રાજકોટઃ તા.૯

માથાકુટની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. રોકાણ પર પુરતુ વળતર ન મળતાં મારામારી થઇ ગઇ હતી. તો બીજી તરફ કેનેડાના વર્ક પરમીટ વિઝાના નામે લાખોની ઠગાઇ થઇ હતી. બે અલગ અલગ ઘટનામાં પોલીસે કાર્યવાહી કરી હતી. ઈન્સ્યોરન્સ પોલિસીમાં ધાર્યા મુજબનું વળતર ન મળતા એક ગ્રાહકે એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સના બ્રાન્ચ મેનેજરને બિભત્સ ગાળો આપી, લાફા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ચોંકાવનારી ઘટના પોલીસ ચોપડે ચડી હતી. તો બીજી તરફ જુના અને જાણીતા નુસ્ખાનો ઉપયોગ કરી વર્ક પરમીટ વિઝાના નામે એક મહિલા સાથે કહેવાતા ટૂર્સ ટ્રાવેલ્સ સંચાલકે ઠગાઇ કરી લીધી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો ભાવનગર શહેરના કાળિયાબીડ ખાતે રહેતા અને વડોદરા ખાતે એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા અભયભાઈ હર્ષદરાય જોષી ભાવનગર કાર્યરત હતા. તે સમયે ગ્રાહક શક્તિસિંહ કાળુભા ડાભી દ્વારા એડવાઈઝર મોહીદીપસિંહના હસ્તક રૂપિયા ૧૫ લાખનું રોકાણ ત્રણ અલગ-અલગ પોલિસીમાં કરવામાં આવ્યું હતું. એડવાઈઝરે મૌખિક રીતે પંદર ટકા વળતરની ખાતરી આપી હતી, પરંતુ શેરબજાર ડાઉન હોવાના કારણે ગ્રાહકને અંદાજે છ ટકા જેટલું જ વળતર મળ્યું હતું.આ ઓછું વળતર મળવાના ગુસ્સામાં શક્તિસિંહે મેનેજરને ફોન કરીને સમરસ હોસ્ટેલ પાસે બોલાવ્યા હતા.

ત્યાં રોકાણના મુદ્દે ઉગ્ર બોલાચાલી કરીને ગ્રાહક શક્તિસિંહે મેનેજરને બે લાફા મારી દીધા હતા અને જો પુરૂ વળતર નહીં મળે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.



ગભરાઈ ગયેલા મેનેજરે પોતાની ગાડીની ડિક્કીમાંથી ચેકબુક કાઢીને નવ-નવ લાખના બે ચેક એમ કુલ અઢાર લાખના સહી કરીને શક્તિસિંહેને આપી દીધા હતા. આ મામલે અભયભાઈ હર્ષદરાય જોષીએ નિલમબાગ પોલીસ મથકમાં બીએનએસની વિવિધ કલમો હેઠળ શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરાવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ એક ગઠીયાગીરીની ઘટના સામે આવી હતી. જેમાં અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી નહેદાબાનુ શેખે કેનેડાના વર્ક પરમિટ અપાવવાના નામે રૂપિયા પાંચ લાખ સાંઇઠ હજારની છેતરપિંડી થયાની ફરિયાદ સરખેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ફરિયાદમાં સનસાઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક મોહમ્મદ રિયાઝ બેલિમ, સમીર મલેક સહિત ચાર વ્યક્તિઓને આરોપી બનાવવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ આરોપીઓએ કેનેડામાં નોકરી સાથે વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી અલગ-અલગ સમયે આ રકમ લઇ લીધી હતી.

પરંતુ બાદમાં ન તો વર્ક પરમિટ અપાવી અને ન તો રકમ પરત કરી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા નહેદાબાનુએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સરખેજ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ અને વધુ તપાસ શરૂ કરી હતી. આ પ્રકારની ઠગાઇઓ રોજબરોજ રાજ્યભરમાં થતી રહે છે.

આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને ગમે તેવા ટૂર્સ ટ્રાવેલ્સના સંચાલકોને નાણા ધરી દેતાં હોય છે. જો કે બાદમાં આવા લોકો વિઝા વર્ક પરમીટ અપાવવાના બદલે નાણા લઇને ગાયબ થઇ જતાં હોય છે. આ કિસ્સામાં પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

આ તમારો જ બિઝનેસ છે તેમ સમજો, તમે જ ભાગીદાર છો તેમ સમજો...અમારુ સપનું એક હજાર કરોડ એકઠા કરવાનું છે...કહી જાળ બીછાવી

# નફાની લ્હાયમાં રોકાણકારોએ ગુમાવ્યા ૮૦ લાખ

## નિવૃત મહિલા પ્રિન્સીપાલ, રાજકોટ, જામનગર, અણીયારાના રોકાણકારોના નાણા ડુબ્યાઃ શીતલ પાર્ક પાસે ઓફિસ ખોલનારા ડાયરેક્ટરે શરૂઆતમાં વળતર દીધુ પછી ઓફિસને લગાવી દીધા તાળાઃ યુનિવર્સિટી પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટઃ તા.૯

લાલચની જાળમાં રોકાણકારોને ફસાવીને લાખો કરોડો ઉસેડી લેવાના બનાવો રોજબરોજ બનતા રહે છે. વધુ એક આવી કંપનીએ ઉઠમણું કરતાં રોકાણકારોના એંસી લાખ ડુબી ગયા છે. રોકાણ માટે રોકાણકારો આવે ત્યારે ડાયરેક્ટર આંબા આંબલી બતાવીને કહેતાં કે આ તમારો જ બિઝનેસ છે, તમે ભાગદાર છો, એક હજાર કરોડનુ.રોકાણ કરવાનું સપનુ છે તેમ કહી રોકાણ પર મહિને ત્રણ ટકાની નફાની લાલચ આપી નાણા મેળવ્યા હતાં. શરૂઆતમાં વળતર આપી વિશ્વાસ જીત્યો હતો. પણ બાદમાં ઓફિસને તાળા મારી ડિરેક્ટર સહિતના ગાયબ થઇ ગયા હતા. યુનિવર્સિટી પોલીસે આ મામલે એફઆઈઆર દાખલ કરી ગોંડલના શખ્સની શોધખોળ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં વધુ એક રોકાણ કૌભાંડ અને લાખો રૂપિયાના ફ્રોડનો મામલો સામે આવ્યો છે. જેમાં ઉંચા વળતર અને દર મહિને આકર્ષક કમિશન આપવાની લાલચ આપીને બાઈસાહેબબા સ્કૂલના નિવૃત પ્રિન્સીપાલ વૃધ્ધા, તેમના પરિવારજનોએ ઓગણત્રીસ લાખ અને રાજકોટ, જામનગર, અણીયારાના બીજા પાંચ રોકાણકારોએ એકાવન લાખ મળી કુલ રૂા. એંસી લાખ ગુમાવ્યા છે. રાજકોટમાં શીતલપાર્ક સર્કલ પાસે દોઢસો ફૂટ રીંગ રોડ પર આવેલી ધ સ્પાયર-૨ બિલ્ડિંગમાં જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ પ્રા.લી. નામની કંપનીના ડાયરેક્ટર ગોંડલના રાજદીપસિંહ જાડેજા સામે આ મામલે પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસાર રોકાણકારોને દર મહિને ૩ ટકા અને એક વર્ષે ૧૮ ટકા નફાની લાલચ આપી આ રકમ ઉસેડી લેવાઈ હતી. પોતાનું સપનુ૧૦૦૦ કરોડનું રોકાણ એકઠુ કરવાનું હોવાનું તેણ જણાવી નિવૃત પ્રિન્સીપાલને તમે આ બિઝનેસના ભાગીદાર છો, તમારો જ બિઝનેસ છે તેમ કહી લલચાવ્યા હતાં.આ મામલે ગયત્રીનગર સોસાયટી જલારામ ચોક શિવાલય મકાન ખાતે રહેતાં બાઈસાહેબબા સ્કૂલના નિવૃત પ્રિન્સીપાલ બોંતેર વર્ષના જાગૃતિબેન પંકજકુમાર જોષીની ફરિયાદ પરથી ગોંડલ ભવનાથનગર રેલ્વે લાઇન પાસે રહેતાં જાડેજા બ્રધર્સ ગ્રેઇન સર્વિસ પ્રા.લિના ડાયરેકટર રાજદિપસિંહ જાડેજા સામે રૂા. ૮૦ લાખ ઓળવી જવા બદલ એફઆઈઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જાગૃતિબેન જોષીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું.

તેમણે વધુમાં કહ્યું કે વર્ષ ૨૦૧૩માં સરકારી શાળા બાઈસાહેબબા સ્કૂલમાંથી પ્રિન્સીપાલ તરીકે નિવૃત થઇ હતી. હાલ




મારી સાથે પતિ, દિકરો, પુત્રવધૂ રહે છે. દિકરી ગાંધીનગર રહે છે. ફરિયાદની વિશેષ વિગતો મુજબ જાગૃતિબેન વર્ષ ૨૦૨૩થી બ્રહ્માકુમારીઝ સંસ્થા સાથે જોડાયેલા હોઇ ત્યાં તેમની મુલાકાત સાવિત્રીબેન પટેલ અને તેમની દિકરી નિધિબેન પટેલ સાથે થઈ હતી. નિધિબેન પટેલે તે વખતે જાગૃતિબેનને જણાવ્યું હતું કે તેઓ જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ પ્રા.લી. કંપનીમાં નોકરી કરે છે અને આ કંપની રોકાણકારોને ખુબ જ સારું વળતર આપે છે. નિધિબેનની વાતોમાં આવીને જાગૃતિબેન અને તેમના પરિવાર મે-૨૦૨૩માં ૧૫૦ ફુટ રીંગ રોડ શીતલ પાર્ક સર્કલ ધ સ્પાયર-૨માં ૧૩મા માળે આવેલી કંપનીની ઓફિસે ગયા હતા.

ત્યાં કંપનીના ડાયરેકટર રાજદીપસિંહ જાડેજાએ તેમને માસિક ૩ ટકા વળતર, તેમજ વાર્ષિક ધોરણે ૧૮ ટકાથી લઈને ૩૬ ટકા સુધીના વળતરની મૌખિક ખાતરી આપી હતી અને સુરક્ષા પેટે સ્ટેમ્પ પેપર ઉપર પ્રોમીસરી નોટ તેમજ બેંકના સિક્યુરિટી ચેક આપવાનો ભરોસો આપી વિશ્વાસ જીત્યો હતો. એ વખતે રાજદિપસિંહ જાડેજાએ જાગૃતિબેનને કહ્યું હતું કે-તમે મારા માડી જ છો, આ તમારો જ ીબઝનેસ છે, તમે આ કંપનીમાં પાર્ટનર જ છો તેમ સમજીને અમારી કંપનીમાં રોકાણ કરજો. આ કંપની સાથે ઘણા બધા લોકો જોડાયેલા છે, મારુ સપનું ૧૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ મેળવવાનું છે. આવી વાતોથી રાજદીપસિંહની લાલચામણી સ્કીમોમાં આવીને જાગૃતિબેન અને તેમના પરિવારે અલગ-અલગ તારીખોએ કુલ રૂ. ૨૯,૦૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું.

જેમાં તેઓએ દીકરા ચીન્મયના નામે રૂ. ૩,૦૦,૦૦૦ ચેકથી, દીકરી કૃપલબેન અને પતિ પંકજકુમારના નામે રૂ. ૭,૦૦,૦૦૦ ચેકથી, પતિ પંકજકુમાર જોષીના નામે અલગ-અલગ સમયે રૂ. ૩,૫૦,૦૦૦ અને રૂ. ૨,૫૦,૦૦૦ તેમજ રૂ. ૩,૦૦,૦૦૦ના ચેકો આપ્યા હતા. આ ઉપરાંત જાગૃતિબેને પોતાના નામે રૂ. ૫,૦૦,૦૦૦ અને રૂ. ૪,૦૦,૦૦૦ના ચેકો આપ્યા હતા, જ્યારે તેમની પુત્રવધૂ અનાયકા ચાંદના નામે રૂ. ૧,૦૦,૦૦૦નું યુપીઆઇ મારફતે ઓનલાઈન પેમેન્ટ કરી રોકાણ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં કંપની દ્વારા વળતર પેટે થોડી રકમ જાગૃતિબેનના પતિના એસ.બી.આઈ. બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી, જેથી તેમનો વિશ્વાસ દ્રઢ થયો હતો.માત્ર જાગૃતિબેન જ નહીં પરંતુ રાજદીપસિંહ જાડેજાએ આ જ રીતે અન્ય પાંચ રોકાણકારોને પણ પોતાની જાળમાં ફસાવ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૫૧,૦૦,૦૦૦નું રોકાણ કરાવ્યું હતું.

આ સાહેદોમાં યોગીનગરના દામિનીબેન રાજેન્દ્રકુમાર પ્રજાપતિ પાસેથી રૂ. ૧૫,૦૦,૦૦૦, સાધુ વાસવાણી રોડ પર રહેતા પ્રકાશભાઈ પ્રફુલભાઈ વણઝારા પાસેથી રૂ. ૩,૦૦,૦૦૦ અને સપનાબેન પ્રકાશભાઈ વણઝારા પાસેથી રૂ. ૩,૦૦,૦૦૦, જામનગરના અજયભાઈ વિજયભાઈ સોલંકી પાસેથી રૂ. ૫,૦૦,૦૦૦ તેમજ આણીયારા ગામના શૈલેષભાઈ ચંદુભાઈ ખેર પાસેથી રૂ. ૨૫,૦૦,૦૦૦નું રોકાણ મેળવી લેવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૫ના ઓક્ટોબર માસથી કંપનીએ વળતર ચુકવવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું હતું અને રોકાણકારોને વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું. જાગૃતિબેન અને અન્ય બીજા રોકાણકારોએ જ્યારે પોતાની મુળ મુડી અને વળતરની ઉઘરાણી શરૂ કરી ત્યારે આરોપી રાજદીપસિંહ જાડેજા પોતાની ઓફિસ બંધ કરી ક્યાંક ગાયબ થઇ ગયાનું માલુમ પડ્યું હતું.

રોકાણકારોને ખાતરી પેટે આપવામાં આવેલા સિક્યુરિટી ચેકો અને પ્રોમીસરી નોટ છતાં કોઈ રકમ પરત મળી નહોતી અને કંપનીના ડાયરેક્ટર દ્વારા મસમોટો વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હોવાની ખાતરી થઈ હતી. આમ ફરિયાદી પરિવારના રૂ. ૨૯,૦૦,૦૦૦ અને અન્ય પાંચ રોકાણકારોના રૂ. ૫૧,૦૦,૦૦૦ મળીને કુલ રૂ. ૮૦,૦૦,૦૦૦ ની મસમોટી રકમ ઓળવી જઈ છેતરપિંડી આચરવામાં આવી હતી. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના આસી સબ ઈન્સ. જયદિપસિંહ એચ. જાડેજાએ એફઆઈઆર દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી. આમ રોકાણ પર નફાના નામે વધુ એક કહેવાતી કંપનીના ડાયરેક્ટર સહિતનાએ રોકાણકારોને રાતે પાણીએ રડાવ્યા હતાં.

---

શેરીમાં રોજબરોજ બેફામ સ્પીડથી રેસ કરતાં હોય તેમ બૂલેટ લઈને નીકળતાં છોકરાઓને ટપાર્યા, તેણે ગાળો દેતાં લાફો મારી લીધો

# બાપે ગોળીઓ ધરબી, પુત્રોએ કહ્યું-આને હજી વધુ ગોળી મારો!

## નાનામવામાં ક્ષત્રિય યુવાન કૃષ્ણસિંહ જાડેજાની ક્રુર હત્યાથી ગમગીનીઃ તાલુકા પોલીસે રણજીત વાળા, તેના પુત્રો સામે ફરિયાદ દાખલ કરીઃ આરોપીઓને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા

**હત્યાનો ભોગ બનેલા યુવાન માતા-પિતાના એકના એક કંધોતર હતાંઃ વચ્ચે પડેલા કુટુંબી દાદાને પણ માથામાં કૂંદા ફટકારાતાં ગંભીર ઈજા**













રાજકોટઃ તા.૯

કાયદો વ્યવસ્થાને પકડાર ફેંકતી ઘટનામાં નાના મવામાં એક શખ્સે સરાજાહેર ફાયરીંગ કરી એક ક્ષત્રિય યુવાનની ક્રુર હત્યા કરી નાંખતા અને આ યુવાનના કુટુંબી દાદાનો પણ બંદુકના કૂંદા ફટકારી ગંભીર ઈજા પહોંચાડતાં ચકચાર મચી ગઇ છે. શેરીમાંથી બંબાટ ઝડપથી બૂલેટ હંકારીને નીકળતાં છોકરાઓને ટપારતાં છોકરાઓએ ગાળો દેતાં ક્ષત્રિય યુવાને તેને લાફો મારી લીધો હતો. આ લાફાનો ખાર રાખી આ છોકરાઓના પિતાએ આવી ફાયરીંગ કરી નાંખ્યા હતાં. તેણે બે ગોળી ધરબી દીધી પછી પણ તેના છોકરાઓ તેને બૂમો પાડી પાડીને પપ્પા હજી મારો આને મારી જ નાંખો તેવુ કહી ઉશ્કેરતાં હતાં.

હત્યાની આ કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો નાના મવા રોડ પર મોકાજી સર્કલ પાસે ટીઆરપી ગેમ ઝોનવાળા રોડ પર નાના મવા ગામતળ શેરી નં. ૪માં રહેતાં અને ધ્રાંગધ્રામાં હોટેલ ધરાવતાં કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા નામના યુવાન પર રણજીતા વાળા નામના શખ્સે ફાયરીંગ કરી પેટ, માથામાં ગોળી મારી દેતાં અને વચ્ચે પડેલા કૃષ્ણસિંહના પિતરાઇ દાદા રહેન્દ્રસિંહને પણ માથામાં બંદૂકના કુંદા ફટકારી ગંભીર ઇજા પહોંચાડતાં ચકચાર મચી ગઇ હતી. બંનેને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ કૃષ્ણદેવસિંહને તબિબે મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. પિતા ફાયરીંગ કરતાં હતાં ત્યારે તેના બંને દિકરાઓ બૂમો પાડી પાડીને કહેતાં હતાં કે-આને હજી ગોળી મારો, આને મારી જ નાંખો, આ જીવતો ન રહેવો જોઇએ!

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ નાના મવામાં રહેતાં કૃષ્ણસિંહ જાડેજા નામના યુવાન રાતે ઘર બહાર હતાં ત્યારે તેમને અભિમન્યુ વાળા નામના છોકરા અને અન્ય છોકરા સાથે બોલાચાલી થઇ હતી. આ છોકરાઓ વારંવાર શેરીમાંથી ફુલ સ્પીડથી બૂલેટ હંકારી નીકળતાં હોઇ, રેસ કરતાં હોઇ તેને કૃષ્ણસિંહ આ રીતે બૂલેટ હંકારવાની ના પાડી હોઇ તો પણ સમજતાં ન હોઇ ગત રાતે પણ આ રીતે બૂલેટ લઇ નીકળતાં અભિમન્યુ નામના છોકરાને આ બાબતે ઠપકો દેતાં તેણે ફોન કરી પોતાના ભાઇ રાજવીરને બોલાવતાં રાજવીરે આવી તેં કેમ મારા ભાઇ સાથે લપ કરી? કહી ગાળો દેતાં તેને કૃષ્ણસિંહે બે-ત્રણ ઝાપટ મારી લેતાં બાદમાં અભિમન્યુના કહેવાથી તેના ભાઇ રાજદિપે ફોન કરી તેના પિતા રણજીત વાળાને બોલાવતાં રણજીત વાળાએ આવી બે રાઉન્ડ હવામાં ફાયર કર્યા બાદ બે ફાયર કૃષ્ણસિંહ ઉપર કરતાં તેમને પેટ, માથામાં ગોળી ખુંપી ગઇ હતી.

આ વખતે તેમના પિતરાઇ દાદા રહેન્દ્રસિંહ ખુમાનસિંહ જાડેજા કે જેઓ સાંઇઠ વર્ષના છે તેઓ વચ્ચે પડતાં તેમને પણ બંદુકના કુંદા મારી માથામાં ઇજા કરી હતી. બંનેને ગિરીરાજ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં રહેન્દ્રસિંહને તબિબે દાખલ કર્યા હતાં અને કૃષ્ણસિંહને મૃત જાહેર કર્યા હતાં. હત્યાના આ બનાવની જાણ થતાં ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરી, એસીપી ક્રાઇમ ભરત બસીયા, તાલુકા પીઆઇ એસ. આર. મેઘાણી તેમજ ડી. સ્ટાફ, ક્રાઇમ બ્રાંચ, એસઓજીનો કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચ્યો હતો. તાલુકા પોલીસે આ બનાવમો હત્યાનો ભોગ બનેલા બત્રીસ વર્ષના કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજાના માસીના દિકરા ચાલીસ વર્ષના કુલદિપસિંહ જયેન્દ્રસિંહ જાડેજા રહે. નાના મવા ગામતળ શેરી નં. ૪, આશાપુરા કૃપા, મોકાજી સર્કલ પાસે)ની ફરિયાદ પરથી નવલનગર વિસ્તારના રણજીત વાળા, તેના બે દિકરા અભિમન્યુ રણજીત વાળા અને રાજવીર વાળા તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો હતો.

પોતાની ફરિયાદમાં કુલદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહું છું અને ખેતી કામ કરી ગુજરાન ચલાવુ છું. બુધવારે આઠમીના રાતે નવેક વાગ્યે હું જમીને અમારી શેરીમાં વોકીંગ કરવા નીકળેલ હ તો. ત્યારે આશરે સાડા નવેક વાગ્યાના સુમારે શેરીમાં મારા માસીના દીકરા કૃષ્ણસિંહ હરદેવસિંહ જાડેજા તથા ત્રણ છોકરા સાથે ઉભા હતા. જેથી હું ત્યાં ગયેલ તો આ કૃષ્ણસિંહ ત્યાં છોકરા સાથે બોલાચાલી કરતા હતા.

જેથી મેં પુછતા મને જણાવેલ કે આ છોકરાઓ અવાર નવાર આ રોડ પરથી બૂલેટ સ્પીડમાં ચલાવી નીકળે છે અને હલ્લાબોલ કરે છે તેમને રોડ પર બૂલેટ ધીમે ચલાવવા બાબતે અવાર નવાર કહેલ છે તેમ છતાં તે બુલેટ લઈને નીકળે છે, અને આજે પણ બૂલેટ લઈને નીકળેલ અને બૂલેટ સ્પીડમા રેસ કરતા હોઇ જેથી મેં તેને રોકેલ હતા તેમ કહ્યું હતું. આ દરમિયાન આ ત્રણ છોકરામાંથી એક છોકરો હતો તેણે બીજા છોકરાને બોલાવેલ તે છોકરો પણ જેમફાવે તેમ ગાળો બોલવા લાગેલ. જેથી કૃષ્ણસિંહે તે છોકરાને ઝાપટ મારી હતી. આ વખતે મે બંનેને જુદા પાડ્યા હતાં.

બાદમાં કૃષ્ણસિંહે છોકરાનુ નામ પુછતા તણે પોતાનું નામ અભિમન્યુ હોવાનું કહ્યું હતુંઉ તેમજ પોતાના પિતાનું નામ રણજીતભાઇ વાળા હોવાનું જણાવ્યું હતું. આ પછી અભિમન્યુએ કહેલું કે-ઉભા રહો હમણા મારા ભાઇ રાજવીરને બોલાવું, તેમ કહી તેણે કોઇને ફોન કરેલ અને ફોનમા કહેલ કે અમારે અહી ટીઆરપી ગેમ ઝોનવાળા રોડે લપ થઇ છે તું જલ્દી આવ. ત્યારબાદ પાંચેક મિનિટમા એક છોકરો એકટીવા લઈને આવ્યો હતો અને કૃષ્ણસિંહની સામે ઉભા રહીને પુછેલુ કે શું છે તમારે? મારા ભાઈની સાથે કેમ લપ કરી ? આ વખતે મારા માસીયાઇ ભાઇ કૃષ્ણસિંહ જાડેજા આ છોકરા સાથે વાત કરતા હતા, ત્યા એકટીવામાં આવેલ છોકરો પણ કૃષ્ણસિંહને જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો.

જેથી કૃષ્ણસિંહએ આ છોકરાને બે-ત્રણ ઝાપટ મારી દીધેલ. ત્યારબાદ અભિમન્યુ બાજુમાંથી બોલ્યો હતો કે ભાઈ તું આપણા પપ્પાને બોલાવ . ત્યારપછી રાજવીરે ફોન લગાડીને કહેલું કે પપ્પા તમે અહી ટીઆરપીવાળા રોડ પર આવો . અહી મને અને અભિમન્યુને એક અંકલે મારી લીધેલ છે. ત્યારબાદ મેં કૃષ્ણસિંહને કહેલ કે આ છોકરાઓ સાથે આપણે માથાકુટ નથી કરવી ચાલ ઘરે જઈએ. આ પછી કૃષ્ણસિંહ તથા હું કૃષ્ણસિંહના ઘરે જતાં રહ્યા હતાં અને ફળિયામાં હીંચકા પર બેઠા હતાં. આ પછી કૃષ્ણસિંહ ફાકી ખાતા હોવાથી હીંચકા પરથી ઉભા થઇ ગેઇટ બહાર પગથીયા પર ઉભા રહી શેરીમાં થુંકવા ગયા હતાં. તે વખતે અચાનક શેરીમાં દેકારો થતાં હું પણ હીંચકેથી ઉભો થઇ કૃષ્ણસિંહ પાસે જતાં તેમણે શેરીમાં નજર કરી મને કહેલ કે આ આપણે લપ થઈ હતી તે લોકો પાછા આવી ગયા છે.

આ વખતે આ લોકો ગાળાગાળી કરવા માંડતા કૃષ્ણસિંહ શેરીમાં જતાં સામે અભિમન્યુ તેમજ રાજવીર ગાળો દઈને બોલતા હતા કે -આ જો અમારો બાપ આવી ગયો. એટલુ કહેતાં જ તેના પિતા રણજીત વાળાએ તેના હાથમાં રહેલ બંદુકથી હવામાં ફાયરીંગ કરેલ અને કૃષ્ણસિંહ તેને રોકવા જતાં તેના બંને છોકરા અભિમન્યુ અને રાજવીર પણ કૃષ્ણસિંહની સાથે મારામારી કરવા લાગેલ અને બોલતા હતા કે-પપ્પા આને પતાવી જ દયો આપણુ નામ જ કેમ લીધું? આ પછી ત્રણેય ભેગા મળી કૃષ્ણસિંહને મારવા લાગેલા અને હું પણ આ દરમ્યાન વચ્ચે પડતાં મને રણજીતે ધક્કો મારી દીધો હતો અને કૃષ્ણસિંહ પર બે રાઉન્ડ ફાયરીંગ કર્યા હતાં.

હત્યાની આ ઘટનાની જાણ થતાં ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયા, એસીપી બી. જે. ચૌધરી, તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણી, ક્રાઇમ બ્રાંચ પોલીસ ઇન્સપેકટર એમ. એલ. ડામોર અને ટીમ તેમજ તાલુકા ડી. સ્ટાફ, એસઓજી, એલસીબીની ટીમોએ ઘટના સ્થળે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. હત્યાનો ભોગ બનેલા કૃષ્ણસિંહ એક બહેનથી નાના અને માતા-પિતાના એકના એક પુત્ર હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. આ ઘટનાથી સમગ્ર નાના મવામાં શોક વ્યાપીગયો છે. ઘટનાની જાણ થતાં ક્ષત્રિય સમાજના આગેવાનો, જાડેજા પરિવારના લોકો તેમજ નાના મવા વિસ્તારના જાડેજા પરિવારના આગેવાનો મોટી સંખ્યામાં હોસ્પિટલે અને પોસ્ટમોર્ટમ રૂમ ખાતે પહોંચ્યા હતાં.દરમિયાન ત્રણેય આરોપીઓને ક્રાઇમ બ્રાંચની ટીમોએ સરધાર નજીકથી સકંજામાં લઇ વિશેષ તપાસ હાથ ધરી હતી.

# અઢી મહિના બાદ આઠેય સમિતિઓનું ગઠન

## જિ. પંચાયતની સામાન્ય સભામાં ૯૬ કામોની મુદત ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી લંબાવાઈ



**પ્રશ્નોત્તરી વિના જ સમિતિઓની રચના આટોપી લેવાઈ : સિનિયરોને માત્ર કારોબારીમાં સ્થાન, ચેરમેન પદ પર નવી પેઢીનો દબદબો**

રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લા પંચાયતમાં ચૂંટણી બાદ આખરે અઢી મહિનાના લાંબા ઈન્તઝારનો અંત આવ્યો છે. આજે યોજાયેલી ખાસ સામાન્ય સભામાં તમામ ૮ મહત્વની સમિતિઓની રચના કરી દેવામાં આવી છે. ભાજપ હાઇકમાન્ડ દ્વારા આ વખતે મોટો ઉલટફેર કરીને તમામ સમિતિઓમાં તદ્દન નવા જ ચહેરાઓને સ્થાન આપીને નો-રિપીટ થીયરી અપનાવી હોય તેવો સ્પષ્ટ સંકેત આપ્યો છે. રાજકોટ જિલ્લા પંચાયતની નવી ચૂંટાયેલી બોડીની પ્રથમ સામાન્ય સભા આજે ભારે ગરમાગરમી અને ઉત્સાહભર્યા માહોલમાં યોજાઈ ગઈ હતી. ચૂંટણી પરિણામો આવ્યાના અંદાજિત અઢી મહિના જેટલો લાંબો સમય વીતી ગયા બાદ આજે સમિતિઓની સત્તાવાર રચના કરવામાં આવી છે. ગઈકાલની સભા ખાસ સામાન્ય સભા હોવાના કારણે તેમાં કોઈ પ્રશ્નોત્તરી રાખવામાં આવી ન હતી અને માત્ર એજન્ડા પર રહેલી દરખાસ્તો જ હાથ પર લેવામાં આવી હતી, જેમાં સમિતિઓની રચનાનો મુખ્ય એજન્ડા સર્વોપરી રહ્યો હતો.

જિલ્લા પંચાયતની સૌથી મહત્વની ગણાતી કારોબારી સમિતિ સહિત સિંચાઈ, મહિલા અને બાળ વિકાસ, બાંધકામ, અપીલ, શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ન્યાય સમિતિ એમ તમામ ૮ સમિતિઓની રચના આજે બહુમતી સાથે પૂર્ણ કરાઈ હતી. ભાજપ નેતાગીરી દ્વારા જે યાદી જાહેર કરવામાં આવી છે, તેમાં પ્રથમ નામ જે સભ્યનું હોય તે જ પરંપરાગત રીતે ચેરમેન બનતા હોય છે. આ દ્રષ્ટિએ તમામ સમિતિના ચેરમેન તરીકે તદ્દન નવા જ ચહેરાઓના નામો નક્કી કરી દેવામાં આવ્યા છે, જે સંગઠનની નવી રણનીતિ દર્શાવે છે.

સૌથી વધુ ચર્ચા જેની હતી તે કારોબારી સમિતિમાં ચેરમેન સહિત કુલ ૯ સભ્યો નીમવામાં આવ્યા છે. કારોબારી ચેરમેન તરીકે અગાઉથી જ જાહેર થયેલા નરશીભાઇ સોજીત્રા સુકાન સંભાળશે. જો કે, આ સમિતિમાં સંતુલન જાળવવા માટે અર્જુન ખાટરીયા, ધર્મેન્દ્ર પીપળીયા, રમીલાબેન મેર અને સવિતાબેન વાસાણી જેવા સિનિયર અને અનુભવી સભ્યોને સ્થાન આપીને વહીવટી સંતુલન જાળવવાનો પ્રયાસ કરાયો છે. આજની આ ખાસ બેઠકમાં જિલ્લાના ટોચના રાજકીય આગેવાનો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ભાજપ સંગઠન મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, ગોંડલ માર્કેટ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, તેમજ તાલુકાના અગ્રણી નેતા ચેતન પાણ વગેરેએ હાજરી આપી નવનિયુક્ત સમિતિના સભ્યો અને ભાવી ચેરમેનોને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવ્યા હતા અને પંચાયતનો વહીવટ પ્રજાભિમુખ બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. જો કે સમિતિના ચેરમેનોની સત્તાવાર વરણી હવે પછી મળનારી સમિતિઓની સ્વતંત્ર બેઠકોમાં ઔપચારિક ચૂંટણી પ્રક્રિયા કરીને કરવામાં આવશે.

### વિવિધ સમિતિઓના હોદ્દેદારો

**■ મહિલા અને બાળવિકાસ સમિતિ**
- કુંદનબેન વિજયદાન માવલ
- રમીલાબેન મુકેશભાઈ મેરફ
- શ્રધ્ધાબેન ભરતભાઈ મકવાણા
- જયાબેન ભરતભાઈ ગોવાણી
- પારૂલબેન નિકુંજભાઈ કણસાગરા

**■ બાંધકામ સમિતિ**
- ભારતીબેન મજબુતભાઈ હુંમલ
- દિપકભાઈ બાબુભાઈ ગાજીપરા
- લાલજીભાઈ ભોવાનભાઈ તળાવીયા
- અર્જુનભાઈ ખાટરીયા
- જસ્મીનભાઈ રસિકભાઈ પીપળીયા

**■ શિક્ષણ સમિતિ**
- નીલેશભાઈ અમરશીભાઈ હીરપરા
- અલ્પાબેન મુકેશભાઈ તોગડીયા
- ભારતીબેન મજબુતભાઈ હુંબલ
- નરશીભાઈ શંભુભાઈ સોજીત્રા
- હરેશભાઈ કાનજીભાઈ કચ્છી
- રાધિકાબા ભવ્યરાજસિંહ જાડેજા
- દિલીપભાઈ ધીરૂભાઈ સરવૈયા
- સીમાબેન દિલીપભાઈ જોષી
- રાજેન્દ્રભાઈ કેશવભાઈ ધારેચા

**■ આરોગ્ય સમિતિ**
- વિલાસભાઈ વલ્લભભાઈ ઢાંકેચા
- સરોજબેન અશોકભાઈ ઉંધાડ
- શ્રધ્ધાબેન ભરતભાઈ મકવાણા
- સુમિતાબેન રાજેશભાઈ ચાવડા

**■ સિંચાઈ સમિતિ**
- દેવેન્દ્રભાઈ પરબતભાઈ ઝાપડિયા
- કંચનબેન વલ્લભભાઈ રાજપરા
- જલ્પાબેન ભરતભાઈ મકવાણા
- દિલીપભાઈ ધીરૂભાઈ સરવૈયા
- અમરશીભાઈ નાનજીભાઈ ચૌહાણ

**■ અપિલ સમિતિ**
- સંજયભાઈ પોલાભાઈ પીપળીયા
- સામતભાઈ ખેંગારભાઈ બાંભવા
- અલ્પાબેન મુકેશભાઈ તોગડીયા
- ધર્મેન્દ્રભાઈ રણછોડભાઈ ટીલાળા
- લીલાબેન ચતુરભાઈ રાજપરા

**■ કારોબારી સમિતિ**
- નરશીભાઈ શંભુભાઈ સોજીત્રા
- અર્જુનભાઈ ખાટરીયા
- સોનલબેન કિરણભાઈ વાઘરીયા
- જયશ્રીબેન ભરતભાઈ ચોવટીયા
- ધર્મેન્દ્રભાઈ રણછોડભાઈ ટીલાળા
- જસ્મીનભાઈ રસિકભાઈ પીપળીયા
- રાધિકાબા ભવ્યરાજસિંહ જાડેજા
- રમીલાબેન મુકેશભાઈ મેર
- સવિતાબેન નાથાભાઈ વાસાણી

**■ સામાજીક ન્યાય સમિતિ**
- જગદીશભાઈ દેવજીભાઈ પરમાર
- અંજુબેન મનસુખભાઈ મુછડિયા
- અમિતભાઈ મનોજભાઈ ગોહેલ
- પુષ્પાબેન મહેશભાઈ રાદડિયા
- સંજયભાઈ લુણશીયા

# શહેરના વધુ ૧૦ સર્કલ વિકસાવાશે

## એજન્સીઓએ મનપાને વાર્ષિક પ્રીમિયમ ચૂકવવું પડશે : સોરઠીયા વાડી તથા પેડક રોડનો સમાવેશ

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ મુખ્ય ટ્રાફિક સર્કલો અને ટ્રાફિક આઈલેન્ડને પ્રીમિયમ વસૂલીને જ ડેવલપ કરવાના લેવાયેલા નીતિવિષયક નિર્ણયના ભાગરૂપે વધુ ૧૦ સર્કલો માટેના ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. શહેરના ઈસ્ટ (પૂર્વ) અને સેન્ટ્રલ (મધ્ય) ઝોનના વ્યસ્ત રાજમાર્ગો પર આવેલા આ સર્કલોને આગામી પાંચ વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સના રાઈટ્સ સાથે જનભાગીદારીથી વિકસાવવામાં આવશે. આ માટે ઈચ્છુક સંસ્થાઓ કે પેઢીઓએ નિયત થયેલ વાર્ષિક અપસેટ પ્રીમિયમ ચૂકવવાનું રહેશે.

મનપાના ટ્રાફીક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના જણાવ્યા અનુસાર, આ સર્કલો માટે રસ ધરાવતી એજન્સીઓ, પેઢીઓ કે સંસ્થાઓએ આગામી તા. ૨૩ના રોજ સાંજે ૬ કલાક સુધીમાં પોતાનું ટેન્ડર મલ્ટી એક્ટીવીટી સેન્ટર, ત્રીજો માળ, નાનામવા ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે રજૂ કરવાનું રહેશે. અત્યાર સુધી મનપા દ્વારા સર્કલો માત્ર મેન્ટેનન્સની શરતે અપાતા હતા, પરંતુ હવે નવી નીતિ મુજબ એજન્સીઓએ મનપાને સામેથી વાર્ષિક પ્રીમિયમ ચૂકવવું પડશે. આ નિર્ણયથી રાજકોટ મહાનગરપાલિકાની તિજોરીમાં આવક વધશે અને સાથે-સાથે ખાનગી ભાગીદારીથી શહેરના મુખ્ય રાજમાર્ગો વધુ આકર્ષક અને સુવિધાયુક્ત બનશે.

કોઈપણ સર્કલને ગ્રીનરી, ફુવારા કે લાઈટિંગથી સજ્જ કર્યા પછી તેની રોજબરોજની જાળવણી, માળીનો પગાર, પાણીની વ્યવસ્થા અને વીજળીનું બિલ ખૂબ મોટું ભંડોળ માગી લે છે. ખાનગી પાર્ટીને આ કામ સોંપવાથી મહાપાલિકાના માથેથી આ આર્થિક બોજ સંપૂર્ણપણે હટી જાય છે. પહેલાના સમયમાં સર્કલો માત્ર 'મેન્ટેનન્સ'ના બદલામાં અપાતા હતા. પરંતુ હવે રાજકોટ મનપાએ નવી નીતિ અપનાવી છે, જેમાં એજન્સીએ સર્કલ રાખવા માટે મનપાને સામેથી વાર્ષિક ફિક્સ પ્રીમિયમ (રકમ) ચૂકવવું પડે છે. આમ, જે સર્કલ પાછળ પહેલા ખર્ચ થતો હતો, તે હવે મનપા માટે કમાણીનું સાધન બને છે.

ખાનગી કંપનીઓ અને આઈટી કન્સ્ટ્રક્શન એજન્સીઓ પોતાના બ્રાન્ડિંગ માટે સર્કલ પર બેસ્ટ આર્કિટેક્ટ્સ પાસે ડિઝાઈન કરાવે છે. આધુનિક આર્ટવર્ક, કલરફુલ ગ્રીનરી અને આકર્ષક ફુવારાઓ (Fountains) નાખવામાં આવે છે, જે સરકારી તંત્ર મર્યાદિત બજેટના કારણે કદાચ ન કરી શકે. આનાથી શહેરનો લુક ગ્લોબલ બને છે. ખાનગી પાર્ટીઓને સર્કલ આપવા પાછળનું મુખ્ય આકર્ષણ એડવર્ટાઇઝમેન્ટ છે. એજન્સીઓને સર્કલની આસપાસ કે મધ્યમાં પોતાના બોર્ડ કે હોર્ડિંગ્સ મૂકવાના રાઈટ્સ મળે છે. જે ચોક કે રસ્તા પરથી રોજના લાખો લોકો પસાર થતા હોય, ત્યાં કંપનીઓને પ્રીમિયમ પ્રમોશન મળે છે, જેના બદલામાં તેઓ સર્કલને કાચ જેવું ચોખ્ખું રાખે છે.



### ૧૦ સર્કલ ખાનગી પેઢીઓને સોંપાશે

સોરઠીયાવાડી સર્કલ – ૮૦ ફૂટ રોડ, જલગંગા ચોક – સંતકબીર રોડ, સેટેલાઈટ ચોક – પેડક રોડ, બાલક હનુમાન ચોક – પેડક રોડ, આહીર સર્કલ – નહેરૂનગર ૮૦ ફૂટ રોડ, માધાપર મેઈન રોડ–એઈમ્સ રોડ જંકશન સર્કલ, સ્વ. નારણભાઈ કુંગસિયા ચોક – રેલનગર વિસ્તાર (વોર્ડ ઓફિસ ૩–ડી સામે) સ્વામિનારાયણ ચોક – કૃષ્ણનગર મેઈન રોડ, કોલસાવાડી સર્કલ – ગેબનશાહ પીર રોડ, સાધુ વાસવાણી ચોક આઈલેન્ડ – રેલ્વે સ્ટેશન સામે

### વિપક્ષનો શાસક અને વહીવટી પાંખ સામે ઉગ્ર વિરોધ

# ફુડ બિલ વિવાદમાં મનપાનો 'તઘલખી' નિર્ણય




**વહીવટી તંત્રમાં માહિતી લીક થતી અટકાવવા વર્ગ–૧ના અધિકારીઓની પરવાનગી લેવી ફરજિયાત : મનપામા ગણગણાટ**

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકા (મનપા) માં છેલ્લા કેટલાક દિવસોથી ગાજેલા અને ભારે ચર્ચાસ્પદ બનેલા રૂપિયા ૨૭ લાખના ફૂડ બિલ કૌભાંડ/વિવાદ બાદ આખરે તંત્ર સફાળું જાગ્યું છે. પોતાની આબરૂ બચાવવા અને ભવિષ્યમાં આવી કોઈ સંવેદનશીલ કે વિવાદાસ્પદ માહિતી બહાર ન જાય તે માટે મનપા તંત્ર દ્વારા એક અત્યંત મહત્વનો અને આકરો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાના ઉચ્ચ વહીવટી તંત્ર દ્વારા એક સત્તાવાર પરિપત્ર જાહેર કરીને તમામ નાના-મોટા કર્મચારીઓ અને વિભાગીય વડાઓને આદેશ આપવામાં આવ્યો છે કે, ''ઉચ્ચ અધિકારીની પૂર્વ મંજૂરી કે પૂછ્યા વગર કોઈ પણ પ્રકારની માહિતી, દસ્તાવેજો કે આંકડા મીડિયા અથવા ત્રાહિત વ્યક્તિને આપવા નહીં.'' તંત્રના આ આદેશને પગલે મનપા વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને આ નિર્ણયને એક પ્રકારે 'માહિતી પર સેન્સરશિપ' તરીકે જોવામાં આવી રહ્યો છે.

તાજેતરમાં મનપા દ્વારા યોજાયેલા એક સરકારી કાર્યક્રમ અથવા વીઆઈપી બંદોબસ્ત/મીટિંગ અંતર્ગત ભોજન અને નાસ્તા પાછળ અધધ.. ૨૭ લાખ રૂપિયાનું બિલ મંજૂર કરવા માટે ફાઈલ મૂકવામાં આવી હતી. આ બિલની વિગતો સોશિયલ મીડિયા અને સ્થાનિક અખબારોમાં લીક થઈ જતાં પ્રજાના ટેક્સના પૈસાનો આ પ્રકારે ધુમાડો કરવા બદલ મનપા શાસકો અને વહીવટી પાંખ સામે ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો હતો. વિપક્ષે આ મુદ્દે મનપા કચેરીએ હોબાળો મચાવ્યો હતો અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ વિવાદ એટલો વકર્યો કે ગાંધીનગર સુધી તેની ગૂંજ સંભળાઈ હતી, જેના કારણે મનપાની છબી ખરડાઈ હતી. ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે મોટા કૌભાંડો બહાર આવ્યા છે, ત્યારે તંત્ર દ્વારા આવા 'માહિતી પ્રતિબંધ' ના તગલખી ફરમાનો બહાર પાડવામાં આવ્યા છે, પરંતુ સમય જતાં તે ઠંડા પડી જાય છે. હવે જોવાનું એ રહે છે કે, ૨૭ લાખના આ ભારેખમ ફૂડ બિલ વિવાદ ઠારવા માટે લેવાયેલો આ નિર્ણય મનપાની અંદર ચાલતી જૂથબંધી અને માહિતી લીકેજને રોકવામાં કેટલો સફળ પુરવાર થાય છે.

# સુષુપ્ત 'વોર્ડ સમિતિઓ' થશે સક્રિય, બેઠકો શરૂ

## મેયર ડો. નેહલ શુકલનો સપાટો, ૧૮ વોર્ડમાં કવાયત શરૂ : ખાડા, ગટર, પાણી, સફાઈ અને સ્ટ્રીટલાઈટના પ્રશ્નો હવે વોર્ડ ઓફિસે જ ઉકેલાશે



રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકામાં જીપીએમસી (GPMC) એક્ટ હેઠળ રચવામાં આવેલી અને વર્ષ ૨૦૧૫ના નિયમોના આધારે કાગળ પર એક્ટિવ કરાયેલી 'વોર્ડ સમિતિઓ' લાંબા સમયથી સુષુપ્ત અવસ્થામાં એટલે કે માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હતી. વોર્ડ કક્ષાએ જ સ્થાનિક સ્તરના પ્રશ્નો ઉકેલવા માટે આ સમિતિ કાયદાકીય રીતે સર્વોચ્ચ અને સક્ષમ હોવા છતાં તેનો પૂરતો ઉપયોગ થતો ન હતો. આ સ્થિતિને બદલવા અને વહીવટી તંત્રને પ્રજાલક્ષી બનાવવા માટે મેયર ડો. નેહલ શુકલએ આજથી તમામ ૧૮ વોર્ડની કમિટીઓને ફુલ-ફ્લેજ્ડ એક્ટિવ કરવાનું વ્યાપક અભિયાન શરૂ કરી દીધું છે.

આજથી શરૂ થયેલી આ કવાયતના પ્રથમ દિવસે જ મેયરે ત્રણ વોર્ડના કોર્પોરેટરો અને અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ મીટિંગમાં સમિતિએ કરવાની થતી કાયદાકીય કાર્યવાહી, રોજિંદા લોકપ્રશ્નોના નિકાલ, સ્ટેન્ડિંગ કમિટી કક્ષાએ લેવાની થતી મંજૂરીઓ અને આળસુ કે બેજવાબદાર અધિકારીઓ પાસેથી કઈ રીતે મક્કમતાથી કામ લેવું તે અંગેનું વિસ્તૃત કાનૂની અને વહીવટી માર્ગદર્શન આપ્યું હતું. હાલ તમામ ૧૮ વોર્ડમાં હંગામી અધ્યક્ષ સાથે સમિતિની ઔપચારિક બેઠકોનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

અત્યાર સુધી માત્ર એજન્ડાની દરખાસ્તો મંજૂર કરવા પૂરતી જ વોર્ડ કમિટીઓ વપરાતી હતી, પરંતુ હવે નવી સક્રિય કરાયેલી સિસ્ટમ અંતર્ગત વોર્ડ કમિટીના ઠરાવોમાં જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. કયા કોર્પોરેટરે કઈ રજૂઆત કરી, વોર્ડના અધિકારીઓએ કયા કામો કર્યા અને કયા કામો અધ્ધરતાલ રાખ્યા અથવા ન કર્યા, તે બધું જ સ્પષ્ટપણે રેકોર્ડ પર આવી જશે. આ સિસ્ટમ લાગુ થવાથી વહીવટી તંત્રમાં મોટી આઇ-ઓપનર સ્થિતિ સર્જાશે. સામાન્ય રીતે નાગરિકોને રોજિંદા જીવનમાં સતાવતી સમસ્યાઓ જેવી કે રસ્તા પરના ખાડા, ગટર ઉભરાવી, સ્ટ્રીટલાઈટ બંધ હોવી કે સફાઈ ન થવી વગેરે તમામ પ્રશ્નો વોર્ડ ઓફિસ કક્ષાએ જ ઉકેલાઈ શકે તેવા હોય છે. અત્યાર સુધી કોર્પોરેટરો આ માટે અધિકારીઓ પાછળ વ્યક્તિગત રીતે દોડાદોડી કરતા હતા. પરંતુ હવે જો આ તમામ વિગતો અને ફરિયાદો કાયદેસર રીતે સમિતિના 'રોજકામ'માં લેવામાં આવે તો આખી સિસ્ટમમાં મોટો વહીવટી સુધારો જોવા મળશે અને અધિકારીઓ જવાબદાર બનશે.

કાયદાની જોગવાઈ મુજબ, જો એક જ વોર્ડની સમિતિ હોય તો તે વોર્ડના ચુંટાયેલા કોર્પોરેટર જ સમિતિનું અધ્યક્ષસ્થાન સંભાળે છે. પરંતુ જ્યાં એકથી વધુ વોર્ડનો સમન્વય થતો હોય ત્યાં સંબંધિત કોર્પોરેટરોમાંથી લોકશાહી ઢબે એક સભ્યને અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે છે. આ અધ્યક્ષ પોતાના અનુગામી (નવા અધ્યક્ષ)ની પસંદગી ન થાય ત્યાં સુધી પદ પર યથાવત રહે છે. જો કોઈ કારણોસર અધ્યક્ષનું પદ ખાલી પડે તો નવી પસંદગી કરવાની સ્પષ્ટ જોગવાઈ પણ અધિનિયમમાં રાખવામાં આવી છે.

એકથી વધુ વોર્ડનો સમાવેશ થતો હોય ત્યારે સંબંધિત કોર્પોરેટરોમાંથી એકને અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે છે. અધ્યક્ષ પોતાના અનુગામીની પસંદગી સુધી પદ પર યથાવત રહે છે અને ખાલી જગ્યા સર્જાય તો નવી પસંદગી કરવાની જોગવાઈ પણ અધિનિયમમાં કરવામાં આવી છે. વોર્ડ સમિતિઓની પ્રથમ બેઠક તેમની રચના બાદ ચાર મહિનાની અંદર યોજવાની જોગવાઈ છે. ત્યારબાદ દર વર્ષે નિર્ધારિત સમયમર્યાદામાં બેઠક યોજવાની રહે છે. વોર્ડ સમિતિઓનો કાર્યકાળ કોર્પોરેશનના કાર્યકાળ જેટલો જ રહે છે. રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત નિયમો અનુસાર સમિતિઓને સ્થાનિક વિકાસ, પ્રાથમિક સુવિધાઓ અને નાગરિકોની સમસ્યાઓના નિવારણ માટે જરૂરી સત્તાઓ અને કામગીરી સોંપી શકાય છે.

### દર મહિને સ્ટેન્ડિંગ કમિટીને સીધો રિપોર્ટ મોકલાશે

વોર્ડ સમિતિ માત્ર ચર્ચા પૂરતી મર્યાદિત નહીં રહે. જો કોઈ પ્રશ્ન નીતિવિષયક હોય, મોટો પ્રોજેક્ટ હોય કે જેમાં આર્થિક મંજૂરીની જરૂરિયાત હોય, તો તે બાબત સીધી સ્ટેન્ડિંગ કમિટી (સ્થાયી સમિતિ)ના ધ્યાને લાવવામાં આવશે. વોર્ડ કમિટી દર મહિને પોતાના સત્તાવાર રોજકામ (મિનિટ્સ) સાથેનો વિસ્તૃત અહેવાલ સીધો જ સ્ટેન્ડિંગ કમિટીને મોકલી આપશે, જેથી સેન્ટ્રલ લેવલે પણ વોર્ડના પ્રશ્નોની તાકીદે નોંધ લેવાય.